યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| વર્ષ ૧ લું. અંક ૧૫ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર સુદી ૯. તા૦ ૭-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો. |
|---|---|---|

## નોંધ અને ચર્ચા.

### સત્યાગ્રહી જૈન યુવકોને અભિનંદન.

પૂજ્ય મહાત્માજીની ચળવળને અંગે જોડાયલા સત્યાગ્રહી જાદ્ધુઓનાં જે લીસ્ટો પ્રકટ કરવામાં આવ્યાં છે, તેમાં ઘણા જૈન યુવકો પણ છે, તે વસ્તુ જૈન કોમે અભિમાન લેવા લાયક છે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો પણ આ હીલચાલમાં જોડાયલા છે તેમને તથા સર્વે જૈન યુવકોને અમો અભિનંદન આપીએ છીએ ને આશા રાખીએ છીએ કે પરમાત્મા મહાવીરના અનુયાયી તરીકે પોતાનું કર્તવ્ય તેઓ સુંદર રીતે બજાવશે.

યુવાનોનું કર્તવ્ય ક્ષેત્ર ઉપાશ્રયોમાં નથી, આવશ્યક ક્રિયામાં અવશ્ય બોલવા પડતા વાક્યો બોલવામાંજ યુવાનો પોતાનું દેશ પ્રત્યેનું કર્તવ્ય પૂરું થએલું સમજતા નથી, તેઓ વાતો કરતા નથી તેમજ સીધી વાતો પુછાતી હોય ત્યારે સીસ્તેર બીડી ભરીને પુછનારની ભૂલો ગોતવામાં રોકાનારનો સાથ કે આગેવાની હવે તેઓ (યુવાનો) સ્વીકારે તેમ નથી, જેઓ ઉચ્ચારે છે કે યંત્ર, મીલ, કારખાના એ બધાને જૈન શાસનમાં પાપ માનેલ છે ને પાછા પોતે તેજ યંત્રમાં ઉત્પન્ન થએલા વસ્ત્રો વાપરે છે એટલે જેઓ માને છે કંઈ અને વર્તે છે જુદું, તેવાઓની આગેવાનીને યુવાનોએ ફેંકી દીધી છે, અને તેથીજ વાણી અને કર્મની એકતા સાચવનાર મહાત્માજીની આગેવાની યુવાનોએ સ્વીકારેલ છે. તે યુવાનોએજ સાચો ધર્મ—સાચો જૈન ધર્મ ઓળખેલ છે, તેવા યુવાનોને આખી સમાજના અણુમુલા અભિનંદન છે.

અનેક રીતે જૈન યુવાનો આ હીલચાલને મદદ કરી શકે છે, ખાદીનો પ્રચાર કરી શકે છે, કાપડ ઉપરાંતની અનેક પરદેશી વસ્તુઓ પોતે છોડી શકે છે. અન્યને તે છોડવાની પ્રેરણા કરે છે, દ્રવ્યની મદદ કરી શકે છે, દ્રવ્યનો ફાળો ઉઘરાવી શકે છે, આમ અનેક પ્રકારે જૈન કોમ સ્વદેશ પ્રત્યેની ફરજ આવા અણુમોલા સમયે આ ચળવળમાં ભાગ લઈ યોગ્ય રીતે બજાવશેજ.

કોન્ફરન્સ ઉપર શાસનપક્ષના કહેવાતા અઢીસો તારો.

તે કેવી રીતે મેળવવામાં આવ્યા હતા તે નિચેનો પત્ર પ્રકાશ પાડે છે.

"યંગમેન્સ જૈન સોસાયટીના સભ્યો જોગ,

કુંડલાથી લી૦ ના સ્નેહપૂર્વક જયજીનેન્દ્ર,

આપનો પત્ર તા. ૭મીએ આવ્યો હતો, જુન્નેર કોન્ફરન્સ ઉપર તાર નવું કર્યા તેની વિગત,

(૧) શ્રી સંઘના નામથી ધર્મ વિરૂદ્ધ ઠરાવ નહિં લાવવાનો.

(૨) વકીલ કુંવરજી મુળજીને નામે સખતમાં સખત ક્રાન્તિની ખબર લેવી ધર્મ વિરૂદ્ધ ચાર ઠરાવ.

(૩) મારો :—આપની આવેલ નકલ મુજબનો, સાચી કોન્ફરન્સ ભરવાનું સંભળાય છે, તો મારો અંગત મત નિચે પ્રમાણે,

જો મહુવાથી નેમીસુરીજી અમદાવાદ ખાતે હાજરી આપે અને આ + કના પ્રતિનિધિની સહાય મળે તો સ્થળ અમદાવાદ પહેલા નંબરનું ગણાય.

કચ્છી ભાઇઓને જમણવારમાં બેસારી દેવા તે જરૂરનું છે, શાસન પક્ષે નરમ રહેવાનું નથી, વધારે શું લખું !"

કચ્છી ભાઇઓ શાસન પક્ષને જુન્નેરમાં સારી રીતે ઓળખી ગયા છે. એકજ કારખાનામાંથી નકલો મોકલાવાય છે તેજ મુજબ એકજ ગામના અનેક તારો કરાવાયા છે, તેનો ઉપલો પત્ર જીવતો જાગતો પુરાવો છે.

### સાગરાનંદસુરીનું સુરતમાં આગમન.

(નીચેની બીના આપના પત્રમાં તરતજ પ્રગટ કરી આભારી કરશોજી.)

સુરત શહેરમાં શ્રીમાન સાગરાનંદજી પધારનાર છે અને તેમના આગમન પ્રસંગે કેટલાક કાર્યો કેટલાક જૈન ભાઇઓ તરફથી થવાનાં છે, જેના માટે તેઓ તે કાર્યોમાં સુરતના સમસ્ત જૈનોની મોટા ભાગની એ કાર્યોમાં સહાનુભૂતી કે સંમતી નથી એ હકીકત આથી સર્વે જૈન ભાઇઓને વિદીત કરવામાં આવે છે.

લી૦ સેક્રેટરી,

શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.


पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## સંતના કેશરીયા.

રવીવારની મંગળ પ્રભાતે ગુજરાતના એ મહાપુરૂષે, ભારત વર્ષના એ પ્રખર મહાત્માએ અને વીસમી સદીના એ અગ્રગણ્ય આત્માએ દાંડીના સાગર તટે, સલ્તનત સામે અહિંસક સમરાંગણના મોરચા માંડ્યા છે. આ અંક વાંચકના કર કમળમાં પડશે ત્યારે જગતના ઇતિહાસમાં નોંધાયેલી આ અપૂર્વ લડતનો દ્વિતિય દિન ચાલતો હશે. પ્રતાપવંત ગાંધીજીના શબ્દે શબ્દે ઉત્સાહના પૂરની સરિતાઓ વહી રહી છે. સારાયે ભારત વર્ષમાં એમની હાક એટલા જોર શોરથી પડી છે કે, આહ્વાન મળતાંજ હજારો આત્માઓ—વિદ્વાનો ને પંડિતો શ્રીમંતો ને સર્વહિતવંતો-પ્રૌઢો અને નવજુવાનો—સ્ત્રીઓ ને પુરૂષો—પોતાના પ્રાણનું બળિદાન ધરવા તૈયાર થઇ રહ્યા છે. દેશમુક્તિના યજ્ઞમાં—અહિંસા અને સત્યના પાયાપર મંડાયેલા યજ્ઞમાં—આહૂતિ રૂપે હોમાઇ જઇ જીવન સાર્થક કરવા સારૂ હસતે મુખડે કૂચ કરી રહ્યા છે! કળિયુગ તરિકે ઓળખાતા આ યુગમાં શું એ સત્યયુગની ઝાંખી તો નથી થઇને? પાંચ ખંડ ધરતીમાં એનો પડઘો પડી રહ્યો છે સૌ કોઇની આંખો, એ લંગોટીધારી માનવી તરફ ખેંચાઇ રહી છે. શસ્ત્ર અસ્ત્ર વગરનો, મુઠીભર હાડકાંનો આદમી, દુન્યવી લડતના પ્રચલિત સરંજામોને તાળાં—ચાવી લગાડી તદ્દન વિલક્ષણ પ્રકારે કોઇ પણ જાતની ખાનગી મસલત કર્યા સિવાય યુદ્ધના રણદુંદુભિ વગાડી રહ્યો છે.

ચોવીસો વર્ષ પૂર્વે થયેલા શ્રમણ પરમાત્મા મહાવીર દેવે આત્મિક જય સારૂ આંતરશત્રુઓ સામે આદરેલ અહિંસક સંગ્રામ, સ્મૃતિપટમાં તાજો થાય છે. સાંભળેલી વર્ણનો ચિતાર ચક્ષુ સન્મુખ તરતો અનુભવાય છે.

રાજસ્થાનના વીર રજપૂતોના 'કેશરીઆ'થી ભાગ્યેજ કોઇ અજ્ઞાન હશે! માતૃભૂમિના રક્ષણ અર્થે—સ્વજાતિના ટેકને અર્થે—સ્વજનના મોહ ઉતારી, સંપત્તિના નિશા નો ત્યાગ કરી, વૈભવ વિલાસને ઠોકરે મારી, નીકળી પડી ખુલ્લી છાતીએ શૌર્ય દાખવી, કાં તો વિજયને વરતા કિંવા સ્વજીવનને ખપાવી દેતા—ભૂતકાળના ગર્ભમાં એવા નરવીરોના ઉદાહરણો સંખ્યાબંધ લભ્ય થાય છે. પણ એ બધાને વિસ્મરણ કરાવે તેવો લડતનો ક્રમ, પૂજ્ય મહાત્માજીએ ગોઠવ્યો છે. વીસમી સદીમાં—અરે જે દેશે છેલ્લા સૈકાથી શૌર્ય ને સત્વ ગુમાવી વાત વાતમાં ડરપોકતા આગળ કરી, પરાધિનતાની જંજીરોને વધારે કઠણ બનાવી છે અને જેની પાસે આ વિજ્ઞાનિક જમાનામાં લડવાના છેલ્લી ઢબના સાધનોની સામગ્રીનો છાંટો સરખો પણ નથી અને જ્યાં ત્યાં નાના મોટા કલહો દિં ઉગે ફૂટી નીકળતા વિસંખ સરખો થતો નથી, એવી ભારતભૂમિમાં આત્મશક્તિ પર મુસ્તાક રહી, સ્વમાણ જવા દઇને અને એ સાથે સામાને રંચ માત્ર ઇજા પહોંચાડ્યા સિવાય સ્વાતંત્ર્યની લડત માંડી છે, એ ઓછી અદ્‌ભુતતા નથીજ. સનાતન સિદ્ધાંતની દ્રષ્ટિએ એમાં પ્રાચીનતા સાખ પૂરે છે છતાં આચરણમાં એનું ઉચિત ને પ્રભુત્વ સ્વીકાર્યા સિવાય ચાલી શકે તેમ નથીજ. આજે એ અખતરા રૂપ ભલે લાગે પણ વિજયની ચાવી એમાંજ છુપાયેલી છે. હિંદ જેવા પુરાણા દેશને હાલના તબક્કે, આ વગર, અન્ય યુદ્ધ શક્ય તેમજ ફળદાયી પણ ન હોઇ શકે. તેથીજ વિના શંકાએ અંતર કબુલે છે કે કેશરીઆ કરી આશ્રમને છેલ્લી સલામ ભરી બહાર પડનાર આ સંતને જયશ્રી જરૂર વરમાળા આરોપશે. આવી જઇફ વયે પગપાળા મુસાફરી કરતા અને સદૈવ તકલીપર હાથ ફેરવી અદના સૈનિકનું કડક જીવન જીવતા, આ અનુપમ ભેખધારીએ જનતામાં અપૂર્વ જોમ પ્રકટાવ્યું છે. લોકો એને નિરખવા દૂરદૂરથી આવે છે. એના જવાના માર્ગે કુંકુમના સ્વસ્તિકોને પુષ્પોની વૃષ્ટિઓ સહજ થઇ પડી છે. સતક વિતાવી ચુકેલા નરનારીઓ પણ એના દર્શન સારૂ દોડી આવી, આનંદ મગ્ન થઇ જાય છે અને કોઇક તો એ મહાન વિભૂતિના સૈન્યમાં દાખલ થવાની પરવાનગી માગે છે. આવા સાચા સંતની—અકિંમત વ્રતવાળા ફકીરની—વાણી નિષ્ફળ—જાય કિંવા ક્રિયા વ્યર્થ નિવડે એવું સંભવિત છે? એ મૂર્તિનો મુદ્રા લેખ 'કાર્યની સાધના કે દેહનું પતન' મહારાણા પ્રતાપની યાદ આપે છે. 'સત્ય મેવ જયતિ' જેમ એનો વિજય અચુક છે.

એ જૈન બંધુ ત્હારા સિદ્ધાંતમાંના ઘણાનું જેમાં ડગલે પગલે પાલન થઇ રહ્યું છે. જે માત્ર 'થીયરેટીકલ' નહિં રહેતાં 'પ્રેક્ટીકલ' ઉતરી રહ્યા છે તે વેળા શું તું પ્રમાદમાં પડ્યો રહીશ? આજે પણ ત્હારૂં હૃદય સ્વદેશી—વિદેશીના સંદેહ હિંચોળે ઝોલા ખાતુ રહેશે? દેશ બાંધવોના રૂંવા ખડા કરે તેવા ભોગો નેત્ર સામે જોયા છતાં ક્ષણિક ધનની મમતામાંથી તું ઉંચુ ન જોઇશ? સમય પોકારે છે કે એ માટે અવશ્ય ત્હારે પસ્તાવું પડશે. પ્રબળ પશ્ચાતાપ કરવો પડશે. આજેજ ચેતી લઇ શુદ્ધ ખાદીધારી બની જા. તૈયારી કરી ઝંડાધારી બની યુદ્ધના મોખરે પહોંચી જા. સાચા જૈન તરિકે તારૂં સ્થાન ત્યાંજ છે.

## મુનિ રામવિજયને ખુલ્લો પત્ર.

[ગતાંકથી ચાલુ.]

મુનિ રામવિજયની સેવામાં—

આજે સાધુતાના વ્યાપાર ચાલી રહેલા છે. **ભોળાઓને ભમાવી, નાણાની લાલચો આપી, ફસાવવામાં આવે** છે. કંઇકની રડતી બાળપત્નિઓને, વૃધ્ધ માતપિતાને દુઃખમાં ડુબાડી છાની રીતે સાધુ બનાવવામાં આવે છે. આ બધું શું ધર્મ અનુસારજ થાય છે કે? ત્યાગ રૂંવે રૂંવે પ્રગટ્યો **હોય, સંજોગ અનુકુળ હોય, કુટુંબીઓ રાજીખુશીથી રજા આપતા હોય, લેણદેણથી મુક્ત થયો હોય, જ્ઞાન ઉપાર્જિત કરી લીધું હોય અને રોટલાના પ્રમાણમાં જગતને પાછું કંઇક વાળવાની શક્તિ કેળવી હોય તેનેજ સાધુ બનાવી શકાય.** આપે તો સાધુતાનો વેપલો માંડ્યો છે. આથી જૈનધર્મને કેટલી હાની પહોંચશે તે આપ કલ્પી શકો છો! અપક્વ બુદ્ધિએ અને વગર સમજણના લાગે થયેલા સાધુઓના આંતરિક જીવનમાં ઉતરો

ત્યારેજ સમજાશે કે, જૈન સાધુઓનું ન સાંભળેલું હોય તેવું અધઃપતન થઇ રહેલું છે. કોઇ કોઇ જૈન સાધુઓમાં કુદરત વિરૂદ્ધના ગુન્હાઓ થવા માંડયા છે. જૈન સાધુઓએ ગુપ્ત વ્યભિચાર સેવવા માંડયા છે. જૈન સાધુઓ હસ્તદોષની ભયંકર બદીમાં ફસાઇ ગયા છે. કોઇએ શ્રાવિકા સાથે-જૈન સાધુઓમાં લક્ષ્મીનો મોહ અને પરિગ્રહ પ્રીતી જામતી જાય છે. જૈન સાધુએ અપકવ જ્ઞાને, બીજાના લખેલા પુસ્તકો પોતાને નામે ચડાવી સાહિત્યની ચોરી કરતા શીખ્યા છે-આ બધી સમજ વગરના-સાચા ત્યાગની તાલાવેલી વગરના-દીક્ષાના ઝેરી ફળો છે! મહારાજશ્રી! આપને આટલો બધો મોહ શાનો રહે છે? આત્મ કલ્યાણ કરવા નીકળ્યા હો તો આટલો ઠાઠ માઠ અને દંભ શા માટે? ઇર્ષા શા માટે? દરેક વખતે આપ ત્યાગની વાત કરો છો-તો જાતે ત્યાગ કેમ ગ્રહતા નથી? વ્યાખ્યાન વખતે-લગભગ પાંચસે સાતસો રૂપીઆની કીંમતનો જરી ભરેલો રૂમાલ શા માટે? ઉંચી કીંમતની શાલો, કામળો શા માટે? પધરામણી વખતે ઠાઠમાઠ અને દમામ શા માટે? આ બધું ત્યાગવા જેવું આપને નથી લાગતું? જરી ભરેલા રૂમાલને બદલે શુદ્ધ ખાદીનો કટકો રાખો-સાદામાં સાદાં કપડાં રાખો, ચરવળા વિગેરે ઠાઠમાઠનો મોહ તજી દો! સાચા સાધુ બની બેસો-સાધુતાથી જગતને નોતરો, એટલે વિશ્વના માથા પગમાં નમશે! આત્મ-કલ્યાણ માટે આપ જીભ ઉપર તાળાં દો, મોહના પડળ ઉતારી નાંખો, કલ્યાણની ભાવના ભાવતા થઇ જાઓ, શાંત મૂર્તિ બની જાઓ, એટલે તમારૂં અને જગતનું કલ્યાણ થશે! આપને આ બધું નહિ રૂચે, આપને જરીયાન રૂમાલનો મોહ તજવો ઠીક નહિ લાગે. સત્તાને લોભ છોડવો અપ્રિય હોય, ઇર્ષા અને દંભ જો આપના જીવનમાં જડાઇ ગયા હોય તો બહેતર છે કે બોધ આપવો બંધ કરો. બીજાને ભમાવવાનું છોડી દો-આ પણ મોટા પુણ્યનું કામ ગણાશે!

આજે આપના બોધને કારણે જૈન કોમને માહુમાંહી મુકી-પઠાણની માફક વાત વાતમાં ભાઇ સામે છરી અને લાકડી લેતા કરી દીધા છે!

આજે સાધુઓના પાપે સમાજમાં ભયંકર હોળી સળગાવી છે, જેમાં ધર્મપ્રીતિ અને ભ્રાતૃભાવનો ભોગ અપાઇ રહેલો છે.

આજે ધર્મ ચર્ચા કરવા અને યુગાનુસાર માર્ગ નક્કી કરવા, જેમાં થયેલા જૈનોના મહાન્ કાર્યને બગાડવા, શાસનપ્રેમીઓ પગભર થયા છે. આજે શાન્ત વૃત્તિથી સમ-કીતભાવથી, બારવ્રત સેવનારા સરકારની કોર્ટનાં પગથીઆ ઘસતા ખોટા સાક્ષીઓ આપી ધર્મસિધ્ધાંતનું ખુન કરી રહેલ છે.

આજે જૈનો વાણી ઉપરનો કાબુ ગુમાવી અન્ય દલીલને બદલે વિતંડાવાદમાં સડોવાઇ ગયા છે તે તરફ આપનું ધ્યાન ખેંચું છું!

* * *

જૈન સાધુઓ માટે બહારનો કોઇપણ વ્યવસાય સંભવિત્ છેજ નહિ એટલે તે રીતે આપ જાત મહેનતથી ઉદરનિર્વાહ કરતી વ્યક્તિઓને પરાશ્રિત બનાવી સમાજ ઉપર બેજો લાદવાનું શામાટે કરો છો? આજના જમાનામાં પંડનું પેટ ભરવાના પાંપળા છે, ત્યાં ઉપયોગ વગરના સાધુઓનો બોજો શા માટે સમાજ ઉપર નાંખો છો? સાધુઓ સમાજનું, કેળવણીનું ખર્ચ, સંસાર સુધારા પાછળથી થતું ખર્ચ બચાવી શકે તો તેની પાછળનું ખર્ચ લેખે લાગ્યું ગણાય!

શ્રાવકના રોટલા ખાઇ શ્રાવકમાંજ કજીઆ કરાવી! શાન્તિ ભંગ કરે, ઉન્નતિને લાવવાને બદલે અવનતિ લાવી આપે, શ્રાવકના સંસારમાં સડો પેસાડે તેવા સાધુઓ અમને નહિ જોઇએ! સંસાર આવા સાધુ વિનાનો રહેશે તો મોટું નુકશાન નહિજ આવે!

નવીન યુગ કે જેમાં આપણે સૌ જીવી રહેલા છીએ તે તો કહે છે કે પરાશ્રિત જીવન કરતાં તો મૃત્યુ પણ ભલુ. આપે ભેગા કરેલા પૈસાનો શો ઉપયોગ કરવા ધાર્યો છે? તે દ્વારા આપ સમાજનું કયું કાર્ય સાધવા માગો છો? વ્યાખ્યાનમાં પ્રદર્શન કરવાનો આપને મોહ તો નથીને?

જમાના સાથે રહેવા માટે કેટલીએક પ્રવૃત્તિઓ અત્યારે સંસારીઓને સ્વિકાર્યા વીના છુટકોજ નથી. કેટલીક કેળવણી લીધા વીના ચાલે તેમ નથી-આપે તેરી. કેળવણીવાળાઓનો લાભ ઘણી વખતે લીધો છે-છતાં તે સૌ તરફ આપનો ભયંકર રોષ જાહેર કરી ઉદાર વૃત્તિને આપ શા માટે ડોળી નાંખો છો? આપ માનો છો કે બધા આપની જેવા બાવા બની બેસશે તો કલ્યાણ થઇ જશે?

આપણા જૈનો દરેક દીશામાં જઇ ત્યાં ખરા જૈન બને તો વધુ સારૂં ગણાય! જૈન ડોકટર બની જૈન દ્રષ્ટિ રાખે અને દીન દર્દીઓ ઉપર દયાવૃત્તિ રાખે તો બીજા કરતાં સારૂં કાર્ય કરશે! આપ જૈનદ્રષ્ટિ કેળવાય તેવો બોધ આપો તો જૈનત્વ ફાલશે-અને ફુલશે!

અત્યારે સાધુમાર્ગી બોધ કરતાં સામાજીક બોધ આપવાની જરૂર છે! સમાજનો સડો આજે માનવીને માનવી મટાડી રહેલો છે; સમાજનો સડો આજે જૈનને જૈનત્વ ભુલાવી રહેલો છે-આજે સંસાર સળગતી આગ જેવો બની ગયો છે-આજે જૈનોનાં જીવન અલ્પ આયુષી થયા છે-બાળમરણ વધ્યા છે-તો તે માટે આપ આપનું જ્ઞાન, ત્યાગ, તપ અને લાગવગનો ઉપયોગ કરો તો જરૂર એક કાળે આપ સાચો 'વિરાગ' જન્માવી વીતરાગ માર્ગી બનાવી શકશો? ધર્મનું બીજ વાવ્યા પહેલાં સંસારનું ક્ષેત્ર સાફ કરવાની જરૂર છે! ગુરૂજી! માઠું ન લગાડશો-પણ કહેવું પડે છે કે અત્યારનાં આપનાં કાર્યથી જૈન સમાજ અને સાધુ સંસ્થાની ઘોર ખોદાઇ રહેલી છે.

જૈન સમાજ આપને વિનવે છે કે—હવે

(૧) આપ જમાનાને ઓળખો, તમારૂં સ્થાન અને પદ ઓળખો.

(૨) સામાજીક સુધારણાનો ઝુંડો હાથ ધરી જૈનોનો સાંસરિક મેલ કાઢી ત્યાં શુધ્ધતા લાવો.

(૩) દરેક બાબતમાં એકલા શાસ્ત્રને પકડીજ રહેલાં વ્યવહારધર્મ અને યુગધર્મને પણ આપ વિચારો.

(૪) સાધુઓ અને ચેલાઓનો મોહ તજી, ત્યાગી બની ત્યાગની તાલાવેલી સમાજમાં લગાડતા શીખવો!

(૫) આપની અત્યારની સમાજના પ્રાણ હરનારી પ્રવૃત્તિ બંધ કરો.

ચેતજો—

જગતે સાધુસંસ્થા સામે બળવો જાહેર કર્યો છે. જૈન યુવકો સાધુ સામે કડક ટીકાઓ કરવાની હિંમત કરી શકયા છે. આપ યુગને નહિ ઓળખો તો કદાચ નજદીકના ભવિષ્યમાં આપની ગોચરી સામે પીકેટીંગ પણ કેમ ન કરે? પ્રભુ આપને અને સૌને બચાવે!

જય હો! વીર શાસનનો! જય હો! તેના ચાર સંઘનો!

લી૦ 'ત્યાગીનો રાગી.'

# સુરતની જૈન કોમમાં જાગૃતિ.

## કોન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓનાં સુરત ખાતેનાં ભાષણો.

(સ્થળ સંકોચને લીધે ઉપયોગી ફકરાઓ આપ્યા છે.)

તા૦ ૨૭ મી માર્ચને દિવસે બપોરે ત્રણ કલાકે નગીનચંદ હોલમાં સુરતના જૈનોની જાહેર સભા શેઠ દલીચંદ વીરચંદના પ્રમુખપણા નીચે મળી હતી. પંદરસો જૈનો હાજર હતા. કોન્ફરન્સ પ્રત્યે સુરતની લાગણીનો પુરેપુરો ખ્યાલ મીટીંગમાં હાજર રહેનારનેજ આવી શકે. કોન્ફરન્સ સંબંધી ભાષણ, મુંબઇથી ખાસ તે પ્રસંગ માટે ગયેલા ભાઇઓ તરફથી કરવામાં આવ્યાં હતાં.

### શેઠ દલીચંદ વીરચંદ.

જેમ કોંગ્રેસ આપણા દેશ માટે છે, તેવી રીતે કોન્ફરન્સ એ આપણી કોમ માટેની મહાસભા છે. તેની મારફતે આપણે ઘણી કામગીરી લઇ શકીએ, અને તેની પ્રતિષ્ઠા અને કીંમત વધારી શકીએ. તેના નિભાવથી તેમજ તેના મારફતે કેળવણીના ફેલાવાથી આપણે ઘણું કરી શક્યા છીએ અને હજુ કરી શકીશું. આ માટે સુકૃત ભંડાર ફંડ કાઢવામાં આવ્યું છે. આ અને બીજી હકીકત આપણા આજના વક્તાઓ પાસેથી વિગતવાર મેળવી શકશો.

### મી૦ મકનજી મહેતાનું વિવેચન.

હાલમાં રાષ્ટ્રીય ચળવળ ચાલી રહી છે, તેને વાંધો ન આવે એવી આપણી ચળવળ છે, તેમાં મદદ આપવી એ આપણું કાર્ય છે. કોન્ફરન્સ, મહાત્માજીની સરદારી હેઠળ ચાલતી લડતમાં ભાગ લેવાની જૈનોને ભલામણ કરે છે. મહાત્માજીનાં કાર્યમાં જૈનોનો સંપૂર્ણ ટેકો છે એમ હું માનું છું. જૈનો પોતાના પુત્રો અને પુત્રીઓનું બળિદાન આપવાને તૈયાર છે એમ બતાવજો. મહાત્માજીનો વિહાર જૈન સાધુ જેવો વિહાર છે, તેમનું જીવન અને ઉપદેશ જૈન સાધુના જેવો છે. અહિંસાનું સત્ર તેમની રગેરગમાં છે, તે સત્ર દુનીયામાં ફેલાવી રહ્યા છે. આપણા પરમ પૂજ્યોએ જે સત્ર આપ્યું છે, તેજ સત્ર તેઓ જગત ભરને આપી રહ્યા છે. જુદે જુદે ઠેકાણે તેર અધિવેશનો થયાં. સુરત ઉતરે તેમ નથી. સુરતે કોન્ફરન્સને નિમંત્રણ આપ્યું નથી તો મને આશા છે કે આવતું અધિવેશન સુરત કે જીલ્લાના કોઇ ગામમાં ભરવાને સુરત તૈયાર થશે.

### જૈન કોમનું જીવતું હૃદય.

#### શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલીસીટરનું પ્રવચન.

કોન્ફરન્સ જે જે કાર્ય ઉપાડે તેને દરેક પ્રાંતે, જીલ્લાએ, શહેરે અને ગામે ટેકો આપવો જોઇએ. જો કોન્ફરન્સનું કાર્ય આપણે ઉપાડીશું તો આપણી સ્થિતિમાં ઉત્તરોત્તર સુધારો અવશ્ય થશે.

કોન્ફરન્સની શરૂઆતમાં કેળવણીનો ઠરાવ પસાર કરાવવામાં અમોને ઘણીજ મુશ્કેલી અનુભવવી પડી હતી. આજે કેળવણીના ક્ષેત્રમાં કોન્ફરન્સે ઘણું કામ કરી બતાવ્યું છે અને વિચાર વાતાવરણમાં કેટલા ફેરફાર કર્યા છે, તે આપણે જોઇ શકીએ છીએ, તેમજ હાલ કેળવણીને લગતી કેટકી સંસ્થાઓ કોન્ફરન્સની પ્રવૃત્તિઓથી સમાજના માનસનું પરિવર્તન જોઇ શકીએ છીએ.

### પંડિત આણંદજી.

જૈન યુવાન કલેશોથી, ખટપટોથી, દંભોથી અને મતપંથોથી કંટાળ્યો છે; અને તેથીજ ત્રણે ફિરકાના ઐક્યનો ઠરાવ એની મહાસભા મારફતે કરાવ્યો છે અને એમ બધાએ ઠરાવ્યો, એની પાછળના વિચારો અને જનઅભિપ્રાયો જોતાં આજે જૈન સમાજ પરિવર્તન માટે એક પગે ખડો છે. અમોને આગમો, સૂત્રો, પંચાગી અને પૂર્વાચાર્યોના વચનો, એ બધા તરફ સંપૂર્ણ માન છે પણ એ આગમો અને પંચાગીનાં નામે કોઇ પોતાના મલીન આશયો અને ઉદ્દેશો અમારા પર ઠોકી બેસાડવાનો મિથ્યા યત્ન કરશે, તો તેને ફગાવી દેવાનો અમારો નિર્ધાર છે. શાસ્ત્રો અને પૂર્વપુરૂષોના નામે, હિસાબે અને જોખમે પોતાના ફોભાંડો અને તર્કટોના નિભાવના ઢુંકા દહાડા આથમવાની હવે તૈયારી છે. દીક્ષાના ઝઘડાએ આખા જૈન સમાજને અસ્તવ્યસ્ત દશામાં મુકી દીધો છે. સ્થાનિક સંઘની પરવાનગી ન હોય, સ્ત્રી, પુત્ર વગેરે અંગત સગાઓની રજા ન હોય, કશી પણ યોગ્ય જાહેરાત ન હોય અને દીક્ષા લેનારમાં યોગ્યતા કે લાયકાતનો અભાવ હોય એવા માણસને કોઇ અંધારે ખુણે દીક્ષા આપવી તેને આ પ્લેટફોર્મ પરથી હું જાહેર કરૂં છું કે તે ઉઠાઉગિરી છે, પઠાણશાહી છે. શાસ્ત્રોની અલ્પ પણ ઉપાસના કરવાનો મ્હારો નમ્ર છતાં પ્રમાણિક દાવો છે અને મેં ઉપર કહી તેવી દીક્ષાને કોઇ શાસ્ત્રના નામે ટકાવવા માગતો હોય તો તેને મારી સાથે વિચારવિનિમય કરવાનો પડકાર છે.

તે પછી રા. મોહનલાલ દ. દેશાઇએ દેશની હિલચાલ અને મહાત્માજીના પવિત્ર જીવન સંબંધે લંબાણથી વિવેચન કર્યા પછી ધાર્મિક ખાતાના હિસાબોની ચોખવટ સંબંધેના ઠરાવ ઉપર વિવેચન કરતાં શેઠ આણંદજી કલ્યાણજી તેમજ બીજા ધાર્મિક ખાતાઓએ પોતાના હિસાબ ઓડિટ કરાવી પ્રગટ કરાવવાની જરૂરીઆત સમજાવી હતી અને તે દિશામાં કર્તવ્યપરાયણ થવા યુવાનોને ખાસ ભલામણ કરી હતી.

:: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂ. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીઆએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૬ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૧. તા૦ ૧૪-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## માંગરોળ જૈન સભાના હોલમાં મહાવીર જયંતિ પ્રસંગે—

### શ્રીયુત મણીલાલ જેમતલાલના મનનીય વિચારો.

પ્રમુખ મહાશય, ભાઇઓ અને બ્હેનો.

જગતનું કલ્યાણ કરવા દુન્યવી સમસ્ત ઉપસર્ગનો સામનો કરી, ઓ અહિંસાના મૂર્તિમંત સ્વરૂપ, તારા કહેવાતા સંતાનો આજે તારી જયંતિ ઉજવે છે.

ક્યાં તારી દીવ્યતાના તેજના પુંજ! અને ક્યાં અંધકારમાં અટવાઇ રહેલા અમે. ઓ દેવ, તારા સંતાનો હોવાનો અધિકાર પણ આજે અમે ગુમાવી બેઠા છીયે, તેને સત્ય માર્ગે દોરવા તારી જયંતિને બ્હાને ઓ પ્રભુ પ્રેરણા કર.

ઓ ભગવાન! તારા અનેરા આત્મભોગના પંથે અન્યજનો આકરા કદમ માંડી રહ્યા છે. ત્યારે વીર સંતાન કહેવાતા અમે કર્તવ્ય ભ્રષ્ટતાથી પૃથ્વીના અંધકારમાં ઉંડા ઉતરી રહ્યા છીયે. ઓ દયાના સાગર! તેને જગતકલ્યાણની ભાવનાનાં ઉંચા આકાશમાં ખેંચી વીરતાના સાચા વારસો બનાવ.

આજે ભારતવર્ષની કચરાએલી પ્રજાના ઉધ્ધાર અર્થે જેમાં કરોડો માનવદેહધારીઓ નાગાં અને ભુખ્યા સુએ છે તેને ઢાંકવા અને પેટનો ખાડો પુરવા માટે, ચંડકોશી નાગ સમાન મહાન સલ્તનત સામે મહાત્મા ગાંધીજીએ અને નવયુગના મહાવીરે તારાજ અહિંસાના સિધ્ધાંતે, તારાજ સત્યસમર્પણના પગલે મોરચા માંડયા છે, ત્યારે અમે આત્મા વિનાના અહિંસાના ખોખાને આડે ધરી, જગતને અટ્ટહાસ્ય કરાવી રહ્યા છીએ. ઓ પ્રભુ! તારી જયંતિના પાઠથી અમારી એ નિર્માલ્યતા દુર કર અને કાનમાં ખીલા ઠોકાતા છતાં તેના કલ્યાણની ભાવનાભર્યા ઓ યુધ્ધવીર, અમારામાં એ ભાવના ભર.

અને અહિંસક રહી કરોડોના કલ્યાણ માટે સામી છાતીએ આત્મ સમર્પણના આ આજના યુધ્ધમાં મોખરે રહી તારા સંતાન હોવાનો વ્યાજબી દાવો કરવો અને તારા એ સાચા અહિંસાના સિધ્ધાંતનું જગતને અભિવાન કરવા ઓ દેવ, અમારા આત્માને તેની ફરજનું ભાન કરાવ. એ શીખવાને માટેજ તારી જયંતિઓ ઉજવીએ છીએ. એ તારા તેજના ઢગલામાંથી પ્રકાશનું બિંદુપણ જો જીવનમાં ન ઉતારાય તો આડંબર ફોગટ છે. જયંતિ ઉજવવી એ દંભ છે.

જગતને પ્રેમ અને ઐક્યની સાંકળથી સાંધનાર ઓ પિતા, તારા સંતાનો આજે અંદર અંદર લડી નાશની ખીણમાં ગબડી રહ્યા છે. આસ્તિક અને નાસ્તિકના ઢોંગ રચી પામરતાની પથારીએ પડયા છે તેને તારા જીવંતસિધ્ધાંતો કે જેની ઉપર અમારી શીથીલતાની ધૂળ બાઝી ગયેલી છે તેને ખંખેરી વીરતાનાં, માનવતાનાં સમાનતાનાં ઉચ્ચ શીખરે પહોંચાડ અને જગતના મહાવીરના સંતાનો માટે માનભર્યું જીવન જીવી જાણવા અમારામાં આ તપ પ્રગટો એજ તારી જયંતિ ઉજવવાની ભાવના અને હેતુ છે.

ઓ દેવ! આજે ભારતના તેત્રીસ કરોડના કલ્યાણના ચાલતા ધર્મયુધ્ધે તો તારાં સંતાનોનો હિસ્સો મોખરે હોવાનું આજના મંગળ પ્રસંગે અમારામાં બળ રેડ, અને ભૂતકાળના ઇતિહાસે તારા સંતાનોને ભારતવર્ષને પરાધીનતામાં પૂરવાનું જે કલંક ચોંટયું તેને ભવિષ્યના આજે લખાતા ઇતિહાસે ફેડવી તારા સંતાનોને જગતમાં ઉજળા મુખે રાખવા અનેરા આતસ અમારે હૈયે ભર; અને જગતને જણાવ કે જે બ્રિટીશ હકુમતને જૈનોએ હીંદમાં પગભર કરીને સ્હાય કરી, જે પાપની ભાગીદારી કરી હતી તે સલ્તનતને જડમૂળથી ઉખેડવાને પણ આજના આ ધર્મયુધ્ધે જૈનો મોખરે રહી એ પાપનું પ્રાયશ્ચિત કરશે, એવા સ્વાર્પણના પણો લેવા તારા આજના જન્મ કલ્યાણકને દીને અમને પ્રેરણા કર. અસ્તુ મંગળ.

---

## પુનાના સંઘમાં શાંતિ.

પુનાના ખબરપત્રી તરફથી પુના શહેરમાં આપણી સમાજની અંદર ઘણા વર્ષથી જુદાં જુદાં તડો હોવાથી વૈમનસ્ય હતું, જેનો નીકાલ પૂજ્યનીય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીના સતત પ્રયાસથી આવ્યો છે અને જૈન સંઘમાં કુસંપની જગ્યાએ સંપ થયો છે, જેની ખુશાલીમાં ગઇ શુદ ૧૩ ને શુક્રવારે પુના શહેરમાં નોકારશીનું જમણ હતું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# ભારતવર્ષમાં વિલક્ષણ સંગ્રામ.

સારાયે હિંદમાં ઠેરઠેર નિમકના કાયદાનો ભંગ કરી, કેવળ દેશનાયકોજ નહિ પણ શૂરા સૈનિકો અને અભણ ગ્રામજનો ઘમંડી નોકરશાહીના જુલ્મી જંજીરો હસતા મુખડે વધાવી રહ્યા છે. ભારતવર્ષના ઇતિહાસમાં આ રીતે નવું પાનું ઉઘડે છે. શસ્ત્ર વગરની લડતના ઉપાડનાર સૂત્રધાર મહાત્મા ગાંધીજી તરફ આજે વિશ્વની ચક્ષુઓ ઢળી રહી છે. સાઠી વટાવી જનાર એ મહા વિભૂતિ કોઇ અનેરા જોમથી આ સંગ્રામ ચલાવી રહી છે કે જેનું સ્વરૂપ વિચારતાં નવયૌવનીયા જુવાનોને ઘડીભર મ્હોંમાં આંગળા નાંખવા પડે છે! દેશના બાળકોથી માંડી વૃધ્ધ પર્યંતોના મુખમાં માત્ર એ મહાત્માનું સ્મરણ રમી રહ્યું છે. એના સામે આ લોખંડી કાંડા આવડાવાળી સલ્તનત પણ કંઇ શૌર્ય દાખવી શકતી નથી. આ લડતના મૂળમાં એવું તે શું જાદુ ભર્યું છે કે જેણે વેપારી આલમને પણ વિચાર કરતી બનાવી દીધી છે! તત્વવેત્તા અને વિદ્યાવિશારદોને પણ એ રહસ્ય ઉકેલવામાં આનંદ લાગે છે! યુવકોનો તો એ પ્રિય વિષય બન્યો છે અને ગામડાના નરનારીઓ તો એને ઘોળીને પી જાય છે.

જૈન સમાજ આવી અપૂર્વ લડત લડતાં કદાચ તું પાછળ રહી જાય એ સંભવી શકે છે છતાં એનું રહસ્ય ઉકેલતાં તને મુદ્દત વાર લાગે તેમ નથીજ. પરમાત્મા મહાવીરદેવનો એ કાળજુનો ઉપદેશ છે કે 'ક્રોધ સામે ક્ષમા, માન સામે નમ્રતા, માયા સામે સરળતા અને લોભ સામે અકિંચનતા' દાખવવાથીજ જયથી લભ્ય થઇ શકે છે. રાગદ્વેષને મીટાવવા ઇચ્છનારે સમભાવ રૂપી આદરેજ છુટકો છે. કેટલાયે કાળથી આનું રટણ એ તો ત્હારો આવશ્યક ધર્મ થઇ પડ્યો છે છતાં વિના સંકોચે કહી દેવું જોઇએ કે વર્તમાનકાળે એ બધું 'પોપટના અચરે અચરે રામ' જેવું થઇ ગયું છે. અર્થના ઉંડાણમાં ઉતરવાને સ્થાને ગતાનુગતિકતા વધી પડી છે અને એથી સત્વ જતું રહી ઉપરના છોતરા હાથમાં રહેવા જેવું થઇ પડ્યું છે. જ્ઞાનરશ્મિના નૂતન તેજમાં રમણ કરવાને સ્થાને ક્રિયાનાં જડત્વમાં અટવાઇ રહ્યા છીએ.

સત્યની આંખોને સ્થાને વધારે પડતી આળપંપાળે આપણને જકડી લીધા છે. આ આવરણોને છેદનારી વાણી આજે એક સંત તરફથી શ્રવણ કરવાનો અમુલ્ય અવસર આપણને પ્રાપ્ત થયો છે. મૂળ તે આપણા ઘરની છતાં, આજે આપણે તે મહાપુરૂષ પાસેથી મેળવવાની છે. એના અંગુલી નિર્દેશથી કોકડા ઉકેલી સાર કાઢવાનો છે અને એના બતાવેલા માર્ગે ગતિ કરી ચીરકાળથી વિસ્મૃત થઇ ગયેલ સંસ્કૃતિને પુનઃ પ્રાપ્ત કરવાની છે. જૈન સમાજ, આ સાધનામાં જો તું નિષ્ફળ જશે તો યાદ રાખજે કે પછી ત્હારે મુખ દેખાડવાપણું પણ નહિજ રહે. શરમના માર્યાં ધરતી પાસે માર્ગ શોધવો પડશે.

ભૂતકાળના એવા એકાદ બે પ્રસંગથી આજે પણ ત્હારે લજ્જા ધરવી પડે છે, તો તેવી ભૂલ પુનઃ ન થાય તે સારૂ આજથીજ ચેતી લે. ભલે તું અમાપ શૌર્ય ન દાખવી શકે પણ ત્હારાદ્વારા દેશદ્રોહના કાર્યો તો નજ સંભવી શકે. કોઇપણ સંજોગોમાં ત્હારાથી વીસમી સદીના અમીચંદો ને-પછી ભલેને તે એસેંબલીના સભ્ય હોય કે સ્ટેટ કાઉન્સીલના રાવસાહેબ હોય—નભાવી નજ લેવાય. દેશના લાભ સામે પડી, સ્વાર્થ સારૂ નોકરશાહીની પીઠ થાબડનારા એ ખાખબુદાસોનો પડછાયો પણ ત્યાજ્ય ગણવો જોઇએ. એવાઓના આધિપત્ય હેઠળ ભરાનારા સંમેલનોનો બહિષ્કાર કરવો ઘટે.

આજ્ઞા શરવીરોએ તો ક્યારનાયે આ સંગ્રામમાં ઝુકાવી સ્વજનને અને સારી સમાજને ગૌરવવંત બનાવી છે. આઝાદીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નામ નોંધાવી અમરત્વ સિદ્ધ કર્યું છે. એવા કેટલાયે, દિવસ જતાં આ અપૂર્વ રણયજ્ઞમાં બળિદાન રૂપે જોડાશે. એ બધાને આપણા અભિનંદન હો. ભૂરિ ભૂરિ વંદન હો.

એવા અપૂર્વ ઓજસ વગરના ખાદીધારીને તેમજ અન્ય પ્રકારની સેવા ધરીને સ્વધર્મ બજાવી રહ્યા છે, તે પણ તેટલુંજ પ્રશંસનીય છે.

સ્વદેશી વાપરવાના વ્રત લઇ પરદેશી વસ્ત્રોને સદંતર બહિષ્કૃત કરનાર પણ જરૂર ગણનામાં આગળ પડતું તો નહિં છતાં અંતિમ ભાગપર સ્થાન તો પ્રાપ્ત કરશેજ. પણ જેઓ કંઇ નહિ કરે ને કેવળ વિદેશની ચીજોને વાપરી, ગુલામીની જંજીરો મજબુત કરવામાં એક યા બીજી રીતે નોકરશાહીના હાથારૂપ બનશે; તેવાઓ કેવળ પોતાનું નામજ દેશદ્રોહીમાં નોંધાવશે એટલુંજ નહીં પણ એ સાથે સારાયે જૈનસમાજને કલંકીત કરશે.

એક તરફ મીઠાના સંરક્ષણ સારૂ મૂઠીપર પ્રહાર થતાં હોય, લોહી વહેતું હોય છતાં સિદ્ધાંત પાલનની દ્રઢતા જળવાઇ રહી હોય, એ સારૂ ખપી જવા સુધીની તૈયારી હોય, જ્યારે બીજી બાજુ હિંદ માતાની મુક્તિ અર્થે આવા અપૂર્વ ભોગો આપી રહેલ જનતાને કાયદાની માયાજાળને નામે સપડાવી, પીડવાનું કાર્ય થતું રહે અને એ અધિકારીઓમાં જૈન નામધારી વ્યક્તિઓ આગળ પડતો ભાગ ભજવે એ કેવું શરમજનક દ્રશ્ય છે!

તેથીજ આજે જૈન સમાજ સામે, એના યુવક ગણ સામે એકજ ફરજ આવી ઉભી રહે છે કે આવા સ્વાર્થલોલુપીઓને તેઓ ઘડીભર પણ સાંખી ન રહે એવાઓ સામે મજબુત અસહકાર આદરે. ધાર્મિક કે સામાજિક મેળાવડાઓમાં એવા માનચાંદના પૂજારીઓનું જરા પણ અધિકારિત્વ કે આધિપત્ય ન સ્વીકારે અને જ્યાં અકસ્માતિક આવી ગયું હોય એવા દરેક સમારંભનો, સડેલા અંગના છેદ માફક ઉપાડી બાવીએ ત્યાગ કરે, એ સામે બહિષ્કારની સખત ચળવળ આદરે તોજ સુધારાની દીપી નિકળશે, ત્યારેજ કંઇ કર્યું ગણાશે.

# હાડકાંનો માળો (?)

## (એકાંકી નાટક.)

લેખક : “ ઋષભદાસ.”

### પાત્રો.

| પુરૂષ. | | સ્ત્રી. | |
|---|---|---|---|
| લક્ષ્મીચંદ્ર શેઠ | એક શ્રીમંત. | હરકોર શેઠાણી | લક્ષ્મીચંદની પત્નિ. |
| કલ્યાણચંદ | નગર શેઠ. | સુમન બાળા | અનંતકુમારની પત્નિ. |
| અનંતકુમાર | લક્ષ્મીચંદનો પુત્ર. | યશાલક્ષ્મી | વસંતલાલની પત્નિ. |
| વસંતલાલ | અનંતકુમારનો મિત્ર અને સાળો. | કમળા | મોહનલાલની પત્નિ. |
| મોહનલાલ | દીક્ષાનો ઉમેદવાર. | | |
| નથુશા, કપાશા, વખતશા, ખુબાશા | શ્રીમાન્ લક્ષ્મીચંદના સાથીદારો, આગેવાનો. | | |

### બીજા પાત્રો.

મોહનનો પિતા, સેવાસમાજના સભ્યો, નગરના યુવાનો, વૃધ્ધો અને અન્ય જનો.

### પ્રવેશ ૧ લો.

પાત્રો : અનંતકુમાર, સુમનબાળા,
પાછળથી લક્ષ્મીચંદ્ર શેઠ.

સમય : ......સુદી ૧ સાંજના ૭ વાગ્યા પછી

સ્થળ : શ્રી લક્ષ્મીચંદ્ર શેઠના ઘરનો એક ઓરડો.

——:*:——

### પડદો ઉપડે છે.

(વિચારમાં ગરકાવ બનેલો અનંત નજરે પડે છે. તેના હાથમાં એક કાગળ છે...થોડીવારે વિચારો શબ્દદ્વારા વ્યક્ત થાય છે.)

અનંત–(સ્વગત) આ શું થવા બેઠું છે? ભગવાન મહાવીર! ત્હમે પ્રરૂપેલા લાભમાર્ગની પાછળ રહેલી સેવાની ભાવના ગૌણ થઇ, તેનું સ્થાન અત્યારે શિષ્યો વધારવાના મોહે લીધું છે! પ્રભો! આ મોહક ભાવના શું નહીં કરાવે! (અટકીને......થોડીવારે) આ ન અટકી શકે? આમાં ફેરફાર ન થઇ શકે? અરે, ગમે તે હોય પણ આ શું વાજબી છે? આ ન અટકવું જોઇએ?......અવશ્ય અટકવું જોઇએ. પણ કોણ અટકાવે? આગળ કોણ પડે?! મ્હારા બાપુ જેવા દાનવીરો ને ધર્મવીરો અંધશ્રદ્ધાના ચશ્મા ઉતારીને ખરી વસ્તુસ્થિતિ જોવાની ચોકખી ના પાડે છે. વ્યવહાર કુશળો પોકાર પાડે છેઃ “સાધુઓ ચેલાઓ ના મૂંડે તો અપાસરે તાળાં દેવાય!! અમે ધર્મ ધ્યાન ક્યાં જઇ કરીએ?!” પણ......પણ યુવાનો, હા! શું અમે યુવાનો હતાશ, નિર્બળ અને માયકાંગલા છીએ? (અટકીને......થોડીવારે) ખરેખર! શું અમે કંઇજ ન કરી શકીએ?! પણ જ્ઞાતિ, સંઘ અને વડીલશાહી કે સાધુશાહીની અમર્યાદ સત્તાની વજ્ર જેવી તળે ચગદાતો યુવાન ઉંચું શી રીતે જોશે?...જોઇ શકશે?!

{(વિચાર પરંપરામાં ઉન્મત્ત શો? અનંત ખુરશીમાં સહેજ ઉછળે છેઃ આ વખતે–સુમનબાળા પ્રવેશ કરે છે. સ્વામીને આ મનોદશામાં જોઇ સ્તબ્ધ છે. બાજુએ ઉભી ચુપચુપ સાંભળે છે. વિચારોના વેગમાં અનંત બોલેજ જાય છે.)

......કેમ નહીં જોઇ શકે?......પણ કોણ કરે છે? કોને પડી છે! હા! પણ કોણ કરે એમ શા માટે? શું એ મારી ફરજ નથી? શા માટે મ્હારેજ પિતાજીનો વિરોધ ન કરવો?......બસ. હુંજ શરૂઆત કરૂં. ભલે પિતાજી કોપરોષે ભરાય. જોઇ લેવાશે! બસ. એજ નિશ્ચય. (પ્રગટ) બસ એજ નિશ્ચય;

(આમ બોલતાં જોરથી અનંત ટેબલપર હાથ પછાડે છે અને ખુરશીમાં ટટ્ટાર થાય છે......સ્હામેજ સુમનબાળાને ઉભેલી જૂએ છે. સુમનબાળા પ્રશ્ન કરે છે...)

સુમન–શાનો નિશ્ચય કર્યો?

અનંત–(નિશ્ચયપૂર્વક) પિતાજી સ્હામે બંડ કરવાનો!

સુમન–(જરા ગંભીર બની.) ઘોર અપરાધ!!

અનંત–(આવેશમાં) ઘોર અપરાધ? છતાં ઘણીએ બાપડી છોકરીને જીવનભર રંડાપો વેઠવાની ફરજ પાડનારની સ્હામે સત્ય હકીકત ખાતર ઝુઝવું તેમાં ઘોર અપરાધ?

(કોઇ ભયંકર હકીકતની આગાહી થતાં સુમનબાળા પોતે બોલેલા શબ્દો માટે જરા ગભરાય છે, પણ અનંતને અને તેના કોમળ હૃદયને જાણનાર સુમન હકીકત જાણવા પ્રયત્ન કરે છે.)

સુમન–(ધીમેથી) જીવનભર રંડાપો શાનો? શી વાત છે? કંઇ સ્હમજાવશો તો ખરા ને?!

અનંત–(જરા શાન્ત થતાં, પણ બેદરકારીથી હાથમાંનો કાગળ સુમનબાળા તરફ ફેંકતાં:) લે. વાંચ? અને કહે કેઃ ઘોર અપરાધ કોનો છે?

સુમન–(પત્ર વાંચે છે :)

સુશ્રાવક લક્ષ્મીચંદ્ર શેઠ, મુ. મનહરપુર.

ધર્મલાભ સાથે જણાવવાનું કેઃ મોહનને તમારી તરફ આ પત્ર લાવનાર......શ્રાવક સાથે મોકલ્યો છે. બહુજ સંભાળ રાખજો. ભારેકર્મી અને મિથ્યાદૃષ્ટિ–દુર્લભ બોધિ–જીવોએ બહુ તોફાન મચાવ્યું છે. માટેજ આ ફરજ તમારે માથે નાખી છે. ભરતવિજય થોડા દિવસમાં —બે ત્રણ દિવસમાં—ત્યાં આવશે, અને......શુદી ૭ ને સોમવારનો દિવસ સારો છે. તે દિવસે દીક્ષા અપાઇ જવી જોઇએ. પછી જોઇ લેવાશે. એજ

લી૦ જ્ઞાનવિજયના ધર્મલાભ.

(......પત્ર વાંચી સુમનબાળા અનંતના ગુસ્સાનું કારણ જાણી જાય છે અને પતિની સાથે સહમત થતી બોલે છે:)

—જો આમજ હોય તો, આમ થતું અટકાવવું તેમાં કશો અપરાધ નથી!

અનંત–(આવેશમાં ટીકા કરતાં) જોજે! પછી સમય આવ્યે મને પાછો પાડવામાં ત્હનેજ કોઇ હથીયાર ન બનાવે! વળી પિતાજી બહુ ચુસ્ત માણસ છે. તેઓ એટલા અજ્ઞાની અને જીદ્દી માણસ છે, કેઃ તેઓ શું નહીં કરે, તે કહેવાય નહીં. આપણે ઘર છોડવું પડે એવો પ્રસંગ પણ આવે. માટે બરોબર વિચાર કરી જોજે!

સુમન-(ખાત્રી આપતાં:) શું એક બીજું અનંત લુંટાઇ જતું જોવા હું રાજી હોઇશ ? શું એમાં મ્હારો સહકાર હશે ? એમ માનવા તમારૂં હૃદય કબુલ થાય છે ? બોલો ? બોલો. નાથ ! નકામા આળ ના ચઢાવો ! સાધુ સમુદાય મ્હારે સદાય વંદનીય છે. પણ તેમની ગમે તે પ્રવૃત્તિને આંખમીંચીને ટેકો આપવા હું તૈયાર નથી. ત્યાગમાર્ગ શ્રેષ્ઠ છે; એ મ્હારે કબુલ છે પણ આવી રીતનો ત્યાગ એ ત્યાગ નહી પણ નરી આત્મવંચના છે. અને આવા કાર્યોમાં ગમે તે વ્યક્તિ કદીપણ મારો સહકાર નહી મેળવી શકે ! મ્હારો જે હક્ક લુંટાતો જોવા હું રાજી નથી,-જો લુંટાય તો લુંટનાર સ્હામે મારા સઘળા બળથી હું ઝુઝવા તૈયાર છું-તો-હું-શું બીજાના હક્ક લુંટાય તેમાં સહકાર આપીશ ? (ભારપૂર્વક) કદી નહી...કોઇપણ ભોગે નહિ. ગમે તેવા સંકટને માટે હું તૈયાર છું.

(પત્નિનો સહકાર મળતાં અનંતની આંખમાં અનેરૂં ઓજસ ચમકે છે. આખા શરીરમાં જોરથી લોહી ફરવા માંડે છે. શરીરમાં કોઇ અજબ સ્ફુર્તિ અનુભવે છે, અને એકરાર કરતો હોય તેમ બોલે છે)

અનંત-બસ પિતાજી હમણાં પેઢી ઉપરથી આવે એટલે તેમને કહી દઉં છું કે: મોહનના પિતાને આવતી કાલે બોલાવી તેનો છોકરો તેને સોંપી દ્યો !...(સુમન ઉત્કંઠાથી સાંભળી રહી છે. તે:)

સુમન-નહી તો ?

અનંત-(જરા ગુસ્સામાં) નહિં તો ? બીજું શું ? (જરા ટટ્ટાર થતાં) એ પિતા નહી, હું પુત્ર નહી; અને દીક્ષાનો વરઘોડો ચઢી રહ્યો ! બીજું શું ?

(આ શબ્દો, બારણા પાસે આવેલા શેઠ સાંભળે છે, અને પુત્રનો મનોભાવ જાણી જાય છે...શેઠ અંદર આવવા પગલાં ઉપાડે છે:-સુમનબાળા સસરાને આવતા જોઇ બ્હાર જાય છે:)

લક્ષ્મીચંદ શેઠ-(ઓરડામાં દાખલ થતાં લાગણી દબાવી વાણીમાં મૃદુતા લાવે છે) આવું ! વસંતલાલને મળી આવ્યો ? પછી નૈનીતાલ જવાનું ક્યારે નક્કી કર્યું ?

અનંત-(બેદરકારીભરી ઠંડકથી) હમણા મુલતવી રાખ્યું છે.

લક્ષ્મીચંદ શેઠ-કેમ ? મને લાગે છે કે જો જવું હોય તો જલ્દી જાવ, થોડાજ દહાડા રહ્યા તેમાં તબીયત શું સુધરે ? !

અનંત-(સહેજ આડું જોતાં) મ્હારો વિચાર જવાનું માંડી વાળવાનો છે.

લક્ષ્મીચંદ શેઠ-(આતુરતાથી) શાથી ? ભાઇ ! આમ અસ્વસ્થ કેમ છે ? અને આમ અચાનક વિચાર માંડીવાળવાનું શું કારણ છે ?

અનંત-(ધીમે ધીમે આવેશમાં આવે છે, પણ ગુસ્સાને દબાવતાં) મ્હારા સ્વભાવને અનુકુળ વાતાવરણ હમણા અહિઆંજ સારૂં છે.

લક્ષ્મીચંદ શેઠ-(ન સમજાતું હોય તેમ) એટલે ?

અનંત-(પ્રશ્ન પુછતો હોય તેમ) એટલે ?-એટલે એજ કે: હું કે વસંતલાલ ન હોઇએ તો અહિંનું વાતાવરણ બહુ શાન્ત રહેશે !

લક્ષ્મીચંદ શેઠ-(ન સમજાતી આતુરતાથી) ભાઇ ! આજે તું કંઇ ભેદમાં બોલે છે.

મને નથી સમજાતું. તું સ્પષ્ટ બોલ.

અનંત-(જરા ગુસ્સામાં) સ્પષ્ટ બોલું ?......તો એ કે, મોહનને દીક્ષા ન અપાવી જોઇએ.

લક્ષ્મીચંદ શેઠ-(સમજવાનો પ્રયત્ન કરતાં) આવું, ભાઇ ! આવાં ધર્મનાં કાર્ય આપણે નહી કરીએ તો કોણ કરશે ?

અનંત-(ગુસ્સાભેર) આ તમારાં ધર્મનાં કાર્યો ? ?

લક્ષ્મીચંદ શેઠ-(જરા આવેશમાં) આ શેઠ કેળવણી લીધી કે નાસ્તિકતા આવવાનીજ.

અનંત-(વધારે ઉશ્કેરાટથી) બીજાનાં ઘર ભાંગવામાં અને એક નાદાન છોકરીને છતે ધણીએ રંડાપો અપાવવામાં ભાગ આપનાર: ઘેર ઘેર હોળીઓ સળગાવવામાં સહકાર આપનાર: તમે આસ્તિક, એમને ? એ આસ્તિકના અવતાર પિતાજી ! બસ કરો ! ભલે અમે નાસ્તિક રહ્યા.

લક્ષ્મીચંદ શેઠ-(વાત હાથથી જતી જોઇ સ્હામે ગુસ્સાથી) આવું, આવું ! વડીલની મર્યાદા પણ ભુલી જાય છે એમ ? બોલ તું શું કહેવા માગે છે ?

અનંત-(સ્હામે તેટલાજ રોષ અને ગુસ્સાથી) લક્ષ્મી કે સત્તાના બળથી: લાગવગ કે પ્રપંચથી: અન્યાયપૂર્વક કોઇ પણના હક્ક લુંટાતા જોવા હું તૈયાર નથી, અને જો તેવા પ્રયત્ન થતા હશે, તો તે પ્રયત્નોને ધુળમાં મેળવવા હું બંડખોર બનીશ.

લક્ષ્મીચંદ શેઠ-(સહેજ ઠંડકની પણ મક્કમપણે) એમ ?... તો એ છોકરાને દીક્ષા અપાવીજ. ત્હારાથી થાય તે કરી લ્યે ! હું પણ જોઉં તો ખરો કે કોણ મ્હારી સ્હામે આવે છે ?

અનંત-(ડોસાના મક્કમ જવાબથી જરા પાછો પડી પણ રોષથી સમજાવતાં:) બાપુ, આનું પરિણામ સારૂં નહી આવે હો !

લક્ષ્મીચંદ શેઠ-(મક્કમતાથી) ભલે ગમે તે થાય !

અનંત-બાપુ, સમજો ?

લક્ષ્મીચંદ શેઠ-(રૂવાબથી) મારો એકજ જવાબ છે. (અનંતને ડરાવીને ધમકી આપતાં) અને આનું એટલું સમજી રાખજે કે, જે દિવસે તું મ્હારી સ્હામે આવ્યો, તેજ દિવસથી મારા વારસદાર તરીકેના ત્હારા સર્વ હક્ક તું ગુમાવશે !

અનંત-(ગંભીરપણે) પિતાજી ડરાવો છો ?

લક્ષ્મીચંદ શેઠ-ના, માત્ર મારી મનોદશાનું તને ભાન કરાવું છું યાદ રાખજે ! મીલ્કત મારી છે ! એને લુંટાવી દઇશ, તને પાઇ પણ નહી આપું અને રસ્તાનો રખડતો ભીખારી બનાવીશ.

(અનંત એકદમ આવેશમાં આવી ગયો હતો. તેની મનોદશા ગુંચવાઇ ગઇ હતી, એટલે વસંતલાલને મળવા જવાના નિશ્ચયથી ઉઠી જવા માંડ્યું.)

અનંત-(જતા જતાં) પિતાજી ! જગતમાં મારો માર્ગ કરી લેવાની મારામાં તાકાત છે પણ તમને ચેતાવું છું કે: આટલા વર્ષે બાળકનો ફજેતો ન કર્યો હોય તો આ દીક્ષા અટકાવજો, નહી તો...........

લક્ષ્મીચંદ શેઠ-(અટકાવતાં ગુસ્સામાં) બસ કર. હું એક શબ્દ પણ સાંભળવા નથી માગતો, અને જતાં જતાં તું પણ સાંભળી લ્યે કે: જો તારા વિચાર ત્હારે નજ ફેરવવા હોય તો મારા ઘરમાં પગ ન મુકતો. ભલે જા, ચાલ્યો જા.

અનંત-(નિડરતાથી) ભલે. પણ મારા વિચારોનું ખુન તો નહીંજ કરૂં.

(એમ કહી અનંત જાય છે.........અચાનક સળગેલી આગથી મુંઝાએલા લક્ષ્મીચંદ શેઠ સ્વસ્થ થાય તે પહેલાં સુમનબાળા આવે છે અને બોલે છે:)

સુમન-બાપુ, મને પણ જવાની રજા આપો.

લક્ષ્મીચંદ શેઠ-(ગભરાટને પણ સ્વસ્થ થતાં) કોણ ? સુમન બાળા ! કેમ ? ત્હારે ક્યાં જવું છે ?

સુમન-હવે આ ઘરમાં રહેવાનો મ્હારો હક્ક અગર અધિકાર નથી. જ્યાં એ ત્યાં હું.

લક્ષ્મીચંદ શેઠ-બહુ ભુલો છો—

સુમન-(વાત અટકાવીને) મ્હેં એજ નિશ્ચય કર્યો છે.

લક્ષ્મીચંદ શેઠ-(રોષની આગમાં ઘી હોમાય છે અને ભડકો થાય છે) એટલે શું તમારા આવા ઢોંગથી હું ડરી જવાનો છું ? ! જાવ. તમે પણ જાવ ! ?

(સુમનબાળા ચાલવા માંડે છે.........લક્ષ્મીચંદ શેઠ અંતરના ઉકળાટને દબાવવા આમ તેમ આંટા મારે છે.)

પડદો પડે છે.

આ પત્રિકા છ. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાથા બીલ્ડીંગ, મારજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૭ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૮. તા૦ ૨૧-૪-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## યંગમેન્સ સોસાયટીનું સંમેલન.

લોકો પુછે છે કે શા માટે સુરતમાં આ ધામધુમ કરવામાં આવી? આવા ધમપછાડા મારીને નવું શું કરવાનું હતું? શાસ્ત્રમાં બધું લખેલું છે, તેમાં જૈનોને વિચાર કરવા પણું રહેતું નથી આવી માન્યતાવાળાઓએ ભેગા થવાનું પ્રયોજન શું? તેમના ગુરૂદેવના ફરમાનો તે તે વિષયને અંગે ઘણા કાળથી પ્રગટ થયેલા હતા ને સોસાયટીએ તે નીચી મુંડીએ વિચાર કરવાની તસ્દી લીધા વગર સ્વીકાર્યાં હતા, તો પછી આવી ધામધુમોનો અર્થ શો? સમાજે શું નવું જાણ્યું? તેના ઠરાવો તપાસો, બંધારણ જુઓ, શબ્દે શબ્દ જૈન કોન્ફરન્સની પ્રમાણે; ફેરફાર કેટલો—જ્યાં ત્યાં સોસાયટી શબ્દ ઉમેરેલો:—ઠરાવ બીજો, ઉત્સવોની આવશ્યકતા વિષે, ઉત્સવોની ધાર્મિકતા કોઈ સ્વીકારવા ના પાડતું નથી, પણ સીદાતા ક્ષેત્રને પહેલી પુષ્ટિ આપવી તે આદ્યવિધિતું વાક્ય આ ઠરાવ કરનારાને માન્ય નથી લાગતું. ત્રીજો ઠરાવ ધાર્મિક શીક્ષણ સંબંધી છે. કોન્ફરન્સ આ ઠરાવ તો ઘણા વરસથી કરે છે, તેના અમલ માટે વ્યવહારૂ અમલ કરાવવા પગલાં લે છે. ચોથો ઠરાવ વસતીપત્રકના આંકડા સંબંધીનો છે. આ ઠરાવમાં કાંઈ નવું નથી. જૈન સર્વસંગ્રહ સંબંધીનો ઠરાવ પણ નવો નથી. કોન્ફરન્સે કહેલી અધુરી હકીકત હોય તો નવી મહેનત કરનારે સુધારો કરી પુરૂં કરવું જોઈએ. તેમાં નવા ઠરાવની જરૂર નહોતી. ઠરાવ છઠ્ઠો, વિદ્યાર્થીઓમાં અવિવેક સંબંધી છે. આ એક નવી શોધ છે. સાતમો આજકની પેઢીમાં વિશ્વાસ સંબંધી છે. આ ઠરાવ તો કોઈએ ગેરવિશ્વાસનો ઠરાવ પેઢી માટે કર્યો હોય તો કરવો પડે. ઇતિહાસ સંબંધી ઠરાવ પણ જુનો છે. બાકીના ઠરાવોના ફરમાનો અમે સારા ને બીજા ખરાબ તે મતલબના છે. બીજા ઠરાવો તો ઘણા સમય પહેલા કહેવાયલા ફરમાનો સંબંધીના છે, જેમાં કાંઈ નવો પ્રકાશ નથી. આવા સંમેલનો હોય કે ન હોય તેની સમજુ સમાજને પરવા નથી. સંમેલનોમાં ભાગ લેનારા ને પોતે જે દેશમાં વસે છે તેનું પણ સ્મરણ નથી, તેની પ્રત્યેની ફરજનું બીલકુલ ભાન નથી (રાષ્ટ્રીય હીલચાલને માટે ઠરાવ હેજ નહિ) તેવા સંમેલનો, કોમને શાપ સમાન છે. ભલે કુપમંડુકો તેમાં આનંદ માને.

## કૉન્ફરન્સની સતત ચળવળ.

સુરત જીલ્લા સમિતિની સ્થાપના કર્યાં પછી કાર્યકર્તાઓ બેડા તથા વડોદરા વિભાગની સમિતિ સંબંધી ચળવળ કરવા માટે ગયા અઠવાડીયામાં વડોદરા ગયા હતા. વડોદરાની જૈન ધર્મશાળામાં પ્રચંડ સભા મળી હતી. જુદા જુદા આગેવાનોનાં ભાષણ થયાં પછી બેડા, વડોદરા વિભાગની પ્રાંતિક સમિતિ સ્થાપવામાં આવી હતી. સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવામાં આવ્યું હતું. સુરત પછી વડોદરાએ કોન્ફરન્સ પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યવહાર રૂપે સાબિત કરી આપી હતી.

### કચ્છમાં ચળવળ.

જુન્નેર કોન્ફરન્સના પ્રમુખ શેઠ રવજીભાઈની હાજરીનો લાભ લઈ કચ્છ વિભાગમાં શ્રીજી ક્ષમાનંદજી તરફથી કોન્ફરન્સના ઠરાવો સંબંધી મેરાઉ તથા લાયજે, બાડે વગેરે ગામોમાં ભાષણો કરવામાં આવ્યાં હતાં. ભાષણોને પરિણામે કોન્ફરન્સ તરફ સામાન્ય સમાજે પસંદગી દર્શાવી ને કોન્ફરન્સનો વિજય ઇચ્છવાના ઠરાવ થયા હતા.

## સંઘસત્તા.

### લબ્ધિસૂરી સંઘબહાર.

શાસનરસિક સંઘના તખ્તનશીને પડદા પાછળ રહેનાર વ્યક્તિએ થોડા વખત પહેલાં એક આમંત્રણ બહાર પાડેલું તે ઉપરથી ચૈત્ર વદ ૫ મે પાટણમાં પાટણશ્રીસંઘના ઠરાવની ઉપરવટ થઈને બે જણને લબ્ધિવિજયે દીક્ષા આપી. આથી શ્રી સંઘે વદ ૫ ના દિવસે એકઠા થઈ ઠરાવ કર્યો, કે "લબ્ધિસૂરી, નવા દીક્ષીતો અને તેના શિષ્યોને સાધુ તરીકે સ્વિકારવા નહિ.

## જૈન આચાર્ય અને સ્વદેશ.

### જૈનોને તેમના આચાર્યની ચીમકી.

પુના, તા૦ ૧૬ મી એપ્રીલ.

જૈન આચાર્ય શ્રી વલ્લભવિજયસુરીજી શહેરમાંથી કેન્ટોનમેંટમાં પધારતાં તેમને ભારે આવકાર આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના પ્રમુખની ધરપકડનાં કારણે ભપકાભરેલો શણગાર બંધ રાખવામાં આવ્યો હતો. આખરે આ આચાર્યશ્રીએ જૈનોની દેશ તરફની ફરજ ઉપર અને સાદા જીવનની જરૂરીઆત ઉપર લંબાણ ભાષણ કર્યું હતું.

તેઓએ સ્વદેશી માલ વાપરવાની હીમાયત કરી હતી અને શ્રોતાઓને તેમના વડવાઓએ પોતાના દેશને ખાતર આપેલા ભોગોની યાદ આપી હતી.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.


## ક્યાં છે એ ખમીર ?

ભારતવર્ષની પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસમાં ઉમેરાતાં નવા પ્રકરણમાં જૈન સમાજ ત્હારું સ્થાન કેવા પ્રકારનું છે ?

શ્રી મહાવીર દેવની જયન્તિ ઉજવતાં તેમના જીવન-પરદેના કેટલાયે જીવંત દૃશ્યો નજર સન્મુખ સ્થાપનાર એ સમાજ હજુ પણ ત્હારે શું ભૂતકાળના ગૌરવપર નાચવું છે ? વીસમી સદીના આ કર્મયુગમાં ત્હારે માત્ર ગતપરંપરાના સ્મરણો તાજા કરી ઇતિકર્તવ્યતા માની લેવી છે ?

એ આરાધ્ય દેવનું ગૃહસ્થ જીવન બરાબર વિચારી જો. એમાં ડગલે ને પગલે શૂરવીરતા, નિડરતા, અમાપ શક્તિ અને સાચા ગૃહસ્થીપણાના સ્વસ્તિકો કુંકુમવર્ણે આલેખાયલા છે. ત્યાં વર્તમાનકાળમાં આપણામાં વર્તી રહેલ જડતા ને શુષ્કતા જોવાની નહીં મળે પણ એને બદલે કર્તવ્યપરાયણતા ને રસ-દાતાની સૌરભ ચોતરફ પ્રસરી રહેલ દેખાશે; અને એ પછીના બાર વર્ષનો ત્યાગ જીવનની ભૂમિકા તુલ્ય છે. અમાપ પરિશ્રમ વહોરી લઇને નિશ્ચિત વસ્તુ સિદ્ધ કરવા સારૂ, સારૂ યે જીવન કસોટીના અંતિમ ભાગે ચઢાવી, એનો યથાર્થ નિષ્કર્ષ કહાડવાના અખતરા રૂપ છે. ભયંકર વનવાસી ચંડકૌશિક સામે જાણી બુઝી જનાર અથવા તો સંગમ જેવા દારૂણ ને મરણાંત ઉપસર્ગોનો હસતે વદને ઉપભોગ કરનાર, એ સંત સ્મરણોમાંથી આપણે કંઇ લઇશું કે કેવળ ગતાનુગતિકતાના વહેણમાં વહ્યા જશું ?

એ જૈન સમાજ આજે ત્હારી અહિંસા પ્રધાન ગુર્જર ભૂમિમાં, જૈનપુરી ગણાતી રાજનગરીના ગુહાંગણમાં એક સંતના વરદ હસ્તે, અહિંસાના પાયા ઉપર, દેશમુક્તિની અભૂતપૂર્વ લડતના મંડાણ થઇ ચુકયા છે. જ્યારે આપણે પચીસો વર્ષનો ઇતિહાસ ઉકેલીએ છીએ ત્યારે એ દિવ્ય લડતના કેટલાયે પ્રકરણો સુવર્ણાક્ષરે લખાઇ ચુકયા છે. આપણે અનશનની વાતો કરીએ છીએ-જ્યારે સત્યતત્વની કઠક ગાઢીઓ પ્રતિજ્ઞા પાલનઅર્થે કેટલાયે વીરો અનશન આદરી રહ્યાના ઉદાહરણો કર્ણપર આથડાય છે. મુઠી નિમકની રક્ષા માટે સીતમગરના અસીમ જુલમો સહન કરનાર સત્યાગ્રહીઓની નામાવળિ અસ્ખલિત વધતી ચાલી છે. ચણા મુમરાપર જીવન ટકાવી દિવસભર સતત મહેનત કરનાર મહર્ષિ ઇચ્છા નિરોધરૂપ તપની સાચી વ્યાખ્યા સમજાવી રહ્યા છે. 'મૂર્છામાં પરિગ્રહનું સમાવાપણું છે, એમ માનનારા આપણે અને આપણા સંતોએ હજુ એ સૂત્રમાત્ર શબ્દોમાં રાખ્યા જેવું કર્યું છે, ત્યારે આજે ખદ્દરના જાડા ખડબચડા ટુકડામાં સજ્જ થઇ, વૃદ્ધાવસ્થાના ઉંબરે પહોંચેલ એક મહાત્મા, સૈનિક સમુ કઠણ જીવન જીવી, સાચી અકીંચનતાનાં દર્શન જનતાને કરાવી રહેલ છે-' ઘડીભર વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે વીરના સંતાનનો દાવો કરી, ગર્વથી છાતી ફુલાવનારા આપણે એ પ્રભુના સાચા સંતાનો નથી રહ્યા આપણામાં એવું ખમીર કયાં છે ? એ દેવના બહુમૂલ્ય આદર્શોનો અમલ કરી જીવનમાં ઉતારી દેખાડનાર બાહ્યદ્રષ્ટિથી ભલે અજૈન લાગે છતાં આંતરિક દ્રષ્ટિથી સાચા જૈનોજ છે. રાગદ્વેષને જીતે વા સમભાવદશાને ધારી રાખે તે જૈન, એમ જો વ્યાખ્યા હોય તો ગાજી વગાડીને કહેવું પડશે કે જૈનત્વનું ઝળકતું નૂર આપણા કરતાં એ જાળિઆન દઇ રહેલા જુંડમાં વધુ છે. આત્મ તેજના પાણી દર્શાવનારા તે સાચા શૂરાઓ છે.

એ પ્રમાદ-વિકથાની ઉંડી ગર્તામાં ઉતરી પડેલ જૈન સમાજ, જરા વિવેકચક્ષુ ઉઘાડી જો, એ આંતરિક કલેશોમાં મરી પડેલ અને એમાંજ ધર્મની રક્ષા માની બેઠેલ ટુંકી દ્રષ્ટિના નેતાઓ ? જરા તમારા મગજને તસ્દી આપી લાંબે નજર કરો. છાતી ઠોકી કહી શકશો કે તમો શાસન સેવા કરો છો ? ધર્મની પ્રભાવના કરો છો ? શ્રી વીરનો વિજય ડંકો વગડાવો છો ?

જરા તમારા નારી સમુદાયના પોશાક તો જુઓ. એમાં નિર્દોષ ખાદીની વિશાળતા છે કે કોટિ કીડાઓના અવસાને તૈયાર થયેલ રેશમની વિવિધતા છે ? અરે પરદેશી મીલોની નીતિ-નાશક મુલાયમતા ને બારીકાઇ છે ! એથી તો લાખો જીવોને પરદેશ ચઢાવવા પડે છે. મહાશયો, તમારા પહેરવેશમાં પણ હજુ કયાં વિલાયતીપણાની ઓછી ગંધ છે ? તમારા ધર્મ-નિમિત્તના સમેલનોનાં વાવટા, તોરણો જોઇ હજુ તમારી અજ્ઞાનતા માટે દયા છુટે છે. રાષ્ટ્રપતિ જવાહરલાલ જેવા કરેઅધિપતિ જેલમાં જાય ત્યારે તમો શીખંડ પુરીના જમણ જમતા હો, એ જોઇ તમારૂં જીવન જમવામાં કેટલી હદે પતિત થયું છે એવું ભાન થાય છે. દેશનો છડેચોક દ્રોહ કરનાર માટે તમને ઠરાવ કરવાની ફુરસદ મળે અને સાચા દેશસેવકોના જગતને મંત્રમુગ્ધ કરે તેવા કાર્યો નજર સામે નિરખવા છતાં એક હરફ સરખો ઉચ્ચારાય નહિં, એ જોતાં તમારા ધર્મપ્રેમ માટે હસવું આવે છે. એ પામર મનોદશા માટે અકથનીય ગ્લાનિ છુટે છે. તેઓ સામે ભજવાઇ રહેલ આવી નિર્બળતા વા ડરપોકતા સામે તિરસ્કાર પોકારાઇ જાય છે. અજાયબી તો એ છે કે વીસમી સદી જેવા કાળમાં અને કર્તવ્યપ્રધાન યુગમાં આ જૈન સમાજના પૈગંબર આત્માઓ, 'મહાત્મા અને પરમાત્મા'ની વાતોના ઢોલ પીટવા શરમાતા નથી ! જાણે જૈન ધર્મનો મહાન્ વિજય સાધ્યો હોય એવા લાંબા લચરક લખાણોથી છાપાનાં પાનાં ભરી રહ્યા છે. આ વામનજીઓ નહોત તો આજે જૈનશાસનરૂપી ઇમારતના પાયા હાલી ઉઠી, કદાચ એ જમીનદોસ્ત પણ થઇ ગઇ હોત ! કૂપમંડુકોની આ કરતાં બીજી કઇ મનોદશા હોય ? એ બાપડાઓને કયાંથી ખબર હોય કે જૈનશાસનના પાયામાં સ્યાદ્વાદરૂપી સીમેંટ અને અહિંસારૂપી રેતીનું ચણતર છે, એટલે એ પાયાને હાલવાપણુંજ નથી. એના સંરક્ષણની બુમ મારનારા જાતેજ બીકણો અને અસહાય છે. એવાઓથી નથી તો ધર્મની સેવા થતી કે નથી તો દેશની ! એમના આચરણો સમાજનું ગૌરવ વધારવાને સ્થાને ઝાંખુ પાડે છે. દેશભરમાં આજે પ્રગતિના મોજાં ચઢી રહ્યાં છે ત્યારે આવા 'ગેહેશુરો' ને અંદરના કલેશો જગાડવાનો મોહ થાય છે. આવું વિચિત્રતાભર્યું ચિત્ર જૈન સમાજ ત્હારૂં છે.

આમ છતાં નિરાશ થવાની જરૂર નથી. ત્હારા સ્વયંસેવકોને યુવકોનાં આત્મભોગોથી આશાનો દિપક પ્રજ્વલિત થાય છે. દેશભરમાં વ્યાપી રહેલ અદમ્ય ઉત્સાહથી, જૈન બંધુઓ પણ આત્મ સમર્પણના અણમૂલા રહસ્યો સમજવા લાગ્યા છે. પ્રભુ મહાવીરના શાસનને કીર્તિવંત બનાવી રહ્યા છે. એવું ખમીર આખી સમાજમાં સત્વરે ઉભરાય એજ ઇચ્છા.

# સુરતમાં રામભક્તોના પામર પ્રલાપ.

## એ ચીડીઆખાનાની ચીચીયારી.

(લખનાર: શ્રી. જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.)

જ્યારે વિનાશકાળ નજીક આવે છે ત્યારે માણસને કેટલુંએ ન કરવાનું સૂઝે છે. એની બુદ્ધિ ઉલટાય છે, એની અક્કલ એને વારી નથી આપતી, એના સલાહકારો ખુશામતખોરી આચરે છે અને એમ એની આસપાસના વાતાવરણમાંજ નરી ખુશામતખોરી, ગુલામી અને પામરતા ઉભરાય છે અને તે કોઇને ન રૂચે, ન ગમે તેવા કર્ણકઠોર પ્રલાપ આદરે છે. તે પોતાને અનેક વિશેષણો વચ્ચે જકડી દે છે અને તેમ કરી ધર્મમાં, સમાજમાં અને રાષ્ટ્રમાં એ વર્ગ ગાંડાઓનું, ઉન્મત્તોનું ટોળું ગણાય છે. ગુજરાતમાં કેટલાક ધર્મઘેલડાઓ આજે આ દશા ભોગવે છે, તે પોતેજ પોતાને શાસનપ્રેમી, ધર્મપક્ષી અને એવા અનેક વિશેષણોથી દાટી દે છે અને છતાંય એના કામોથી આજે શાસન લાજે છે, એના ભારથી ભૂમિ લચે છે, અને એના વર્તનથી ધર્મ નિંદાય છે. જૈનેતર સમાજમાં જૈન ધર્મની, એના ધર્મગુરૂઓની અને એના ચારિત્રની જે સુંદર પ્રતિભા અને ચમક હતી તેનો આ વર્ગે સર્વનાશ કર્યો છે. થોડા વેશધારીઓના આ ગુલામોએ જૈનશાસનને પોતાના કુત્યોથી નિંદાસ્પદ બનાવી દીધું છે. પ્રવર અને પ્રખરના ટુંકા પુછડાં વળગાડી ફરનાર મુંબઇના કોઇ મુનિની અખંડ અને અસ્ખલિત ઉશ્કેરણીના પરિણામે આ વર્ગ આજે પાગલપણાના પ્રદર્શનો ભરે છે. સંખ્યાબંધ જૈન યુવાનોને, સુધારકોને, વિચારકોને, તટસ્થોને અને શાન્ત મધ્યમ માર્ગીય પવિત્ર મુનિવર્યોને એણે આજે ગલીચ અને નીચ ગાળો ભાંડવાનો ધંધો લીધો છે. અહિંસા, સત્ય, સદાચાર, નીતિ, ન્યાય કે એવા કોઇ પણ નિયમને એણે ક્યારનાએ નેવે ચડાવ્યા છે. છેલ્લા બે વર્ષોમાં એની દોડધામો, ધમપછાડાઓ અને ચીચીયારીઓ જેમ જેમ વધી પડી છે તેમ તેમ સભ્યસમાજ એ નિંદક ટોળીને નવ ગજના નમસ્કાર કરી દૂર નાસી ગયો છે તેથી આ ગાળીપ્રદાન મંડળી ભારે અકળાયું છે અને ન સમજાય તેવા તડફડાટ અનુભવે છે. હોળીના ધૈર્યાને ભુલાવે તેવી ભાન ભૂલી ભાષાથી એ સમસ્ત જૈનોની પ્રતિનિધિરૂપ જૈન મહાસભાને પણ ગાળિ પ્રદાન કરે છે. છેલ્લા ચાતુર્માસથી તેણે જૈન મહાસભાને તોડવા માટે અનેક ધમપછાડાઓ કરી જોયા. જુન્નર મુકામે જૈન મહાસભા મળે છે, એ જાણી તેણે મુંબઇના અને ગુજરાતના વર્તમાનપત્રોને ભંભેરણી, હિસાબની, આગમોની, પંચાંગીની વ્રતધારીઓની અને એમ કેટલીએ શેતરંજ ગોઠવી દીધી. ખુદ જુન્નરમાં આવી પથરા ફેંકવા લગીની પાપી પ્રવૃત્તિ પણ કરી જોઇ. રાતના બબ્બે વાગે આવી ઉતારા માગ્યા, અનેક સગવડો માગી અને તે બધીએ પૂરી પાડવામાં આવી છતાંએ આ ટોળકીએ પોતાના સ્વભાવ પ્રમાણે બદલામાં પથરા વરસાવ્યા અને આખા જૈન સમાજનો તિરસ્કાર અને ખફગી વ્હોરી લીધી. સમાજમાં તેનું સ્થાન 'મવાલીઓ'નું ગણાવા લાગ્યું એટલે તેણે પાસો બદલ્યો. યુવાનો અને સુધારકોની સભાઓ તોડવાનું કામ સહેલું ન લાગ્યું. કોન્ફરન્સની પ્રચાર સભાઓને અભડાવવાનું કામ પણ સલામતી ભર્યું ન લાગ્યું, એટલે વેશધારીઓના થોડા ગુલામોને ખંભાત મુકામે ભેળા કરવાની બાજી રચી પણ ખંભાતી જાગૃત યુવાનોએ તે ઉંધી વાળી દીધી, એટલે આ ટોળકી સુરતમાં આવી ભરાણી. એોડમેનોની આ ચાર પાંચ સાગર સોસાયટીઓ અને એક બે રામટોળકીઓ પોતાને અખીલ હિંદની યુવાન સોસાયટીઓ તરીકે ઓળખાવે છે. નવપદ આરાધક સમાજનો સાથ સાધીને, દેશવિરતિઓની સહાય શોધીને આ સોસાયટીઓએ સુરતમાં ગઇ ચૈત્ર વદ એકમ, બીજ, ત્રીજના રોજે પોતાના બળખામણા, બમરાળા ચરો સમાજને સુણાવ્યા છે. એના પ્રમુખોનાં ભાડુતી (?) ભાષણો જુઓ. એના ઠરાવો જુઓ. એની આસપાસની બાજી જુઓ અને એની આખીએ કાર્યવાહી તપાસો, તેમાં એકધારી રામની કારમી રાડ સંભળાય છે એમાં દલીલ નથી, સચ્ચાઇ નથી, ન્યાય નથી, નીતિ નથી કાંઇજ નથી. આદિથી અંત લગીની કાર્યવાહીમાં યુવાનોને, સુધારકોને, કેળવણીકારોને, વિચારોજકો, તટસ્થ મહામુનિરાજોને અને જૈન મહાસભાને ગાળોનો વર્ષાદ છે. ગાળિપ્રદાન યુનિવર્સીટીના ઉતીર્ણ થએલા આ પદ્વીધરોએ ગાળો સિવાય કાંઇ કામજ નથી કર્યું. ધર્મરક્ષાના બ્હાના તળે શાસનસેવાના ઓઠા નીચે અને શાસ્ત્રના દંભ નીચે આખીએ કાર્યવાહીમાં ગલીચ અને નીચ ગાળોનો વર્ષાદ વર્ષાવ્યો છે, તેથી આ પામર લોકોનું વિનિપાત પામેલું માનસ હલકી મનોવૃત્તિ અને વેષધારીઓના ગંદી ગુલામી કેટલી ઝળકી ઉઠી છે તેનાં માપ નીકળે છે! આ રામટોળકીએ જૈન મહાસભાને તિરસ્કારતો એક ઠરાવ કર્યો છે તેને તપાસીએ.

એ ઠરાવ બે વિભાગમાં વ્હેંચાયલો છે. કેટલાક ગામોની સોસાયટીઓને જૈન મહાસભાએ સ્થાન ન આપ્યું તે માટે આ સોસાયટીનો રોષ છે અને આ ટોળકીઓએ ત્યાં "શાંતિ જાળવી" (?) તે માટે તે પોતેજ પોતાને અભિનંદન આપે છે કેવી રમુજી અને હાસ્યાસ્પદ વાત. આ 'લાયક' ગૃહસ્થોને કોઇ પણ શ્રી સંઘે ચુંટયા ન હતા છતાં આજ લગી ચુંટાયાનો જૂઠો દાવો છોડવામાં આવતો નથી. જુઠાણાનો આ અવધિ છે. શ્રી સંઘના પ્રતિનિધિ ન હોવા છતાં, ચુંટણી ન થવા છતાં માત્ર ધાંધલ અને દાદાગીરી માટે ખર્ચ અને પંદર રૂપીઆના સાલીઆણાથી આવનાર આ ભીડીભંજારીઆઓને મહાસભાએ પ્રતિનિધિ ન ગણ્યા, તે માટે એનો રોષ છે પણ એ રોષની શાંતિનો ઉપાય શોધ્યો જડે તેમ નથી કોઇ પણ નિષ્પક્ષ વાત અભિપ્રાય આની વિરૂદ્ધમાં ગયા વગર નહિં રહે. ખુદ જુન્નરના મેજીસ્ટ્રેટ સાહેબેજ આ સાહેબોને હદ છોડી જવાનું ફરમાન કર્યું હતું, અને આ લોકોએ ત્યાં શાંતિ કેવી જાળવી હતી તે વાત મુંબઇ સમાચાર અને સાંજ વર્તમાન વગેરે પત્રોના પ્રતિનિધિઓએ પ્રકટ કરી છે. વૉલંટીઅરોને લોહીલોહાણ કરવામાં, મંડપપર પથ્થરો ફેંકવામાં અને ઉન્મત્તોની માફક તોફાન મચાવવામાં અને ઉતારો આપનાર ધરધણીને માર મારી બેશુદ્ધ કરવામાં શાંતિ આ સોસાયટીઓના રામશાસ્ત્રમાં કદાચ હશે અને તેથી એને અભિનંદવા માટે ત્રણ મહિને પોતાનેજ બોબે ભણવું પડ્યું છે. ત્રણ ત્રણ મહિના લગી આ કજીઆ કંપનીને સમસ્ત જૈન સમાજે તીરસ્કારી કાઢી છે, ત્યારે આજે એ આપ મુખે અભિનંદનની વાયડી વાતો કરે છે. એ ઠરાવના ટેકામાં બોલ-

નારાઓ મી૦ અમીચંદ ગોવિંદજી, વકીલ અમૃતલાલ મોદી, બાપાલાલ ચુનીલાલ જેવા સોસાયટીઓમાં પ્રખ્યાત થએલા માણસો છે. એના ભાષણોની થોડી તપાસ લઇએ.

મી૦ અમીચંદના ભાષણને સોસાયટીનાં વકીલાતનામા તરીકે આપણે ઓળખીએ. તેની દલીલો આમનસામન પોત પોતાના મુદ્દાઓનેજ તોડે છે અને લુલા કરી નાંખે છે. તે કહે છે કે ધર્મિ પક્ષે પ્રથમથીજ ઉપેક્ષા કરી હતી. પરિષદ્ મરણને શરણ થઇ છે એમ માન્યું હતું. જુન્નરના સ્થાનનિર્ણયમાં દગો રમાય છે એમ જાણ્યું હતું અને ત્યાં ધર્મિઓને પાણી પણ મળ્યું નહોતું. કોઇ પણ સભ્ય માણસ આ જુઠાણાને ઘડીભર માને તેમ નથી. એમ જાણવા છતાં કહેવાતો ધર્મિપક્ષ ત્યાં તરફડીઆમારવા કેમ ગયો હતો. ધાંધલ કેમ મચાવતો હતો, પથરા કેમ ઉડાવ્યા હતા અને મેજીસ્ટ્રેટના કબજામાં કેમ આવી પડયા હતા એનો જવાબ છે ? મૃતપ્રાય થએલ બંધુસમાજ, બિડદાના સંઘની ચુંટણી અને પાટણ શ્રાવિકાશ્રમના પ્રતિનિધિઓ વધારવાની માગણી માટે ખોળા કેમ પાથર્યા હતા ? મહુવા અને એમ કેટલાય ગામોની ચુંટણીઓ શા માટે કરી હતી તેની સમજ આ સોસાયટીઓ પાડશે કે ? આખાએ ટોળાને જમાડવાની વાત સત્કાર સમિતિએ સત્તાવાર જાહેર કરવા છતાં પાણી ન મળવાની પેટભરૂ પામરતા પ્રકટ કરનારની ભાંડ-વૃત્તિ માટે લખવું શું ? કોઇ વયકારી બાઇડીઓને શરમાવે તેવી વૃત્તિ આ ટોળકીમાં આ શબ્દોથી પ્રગટે છે.

હવે મી૦ અમૃતલાલ મોદી બી. એ ની ખબર લઉં. આ બી. એ. થએલા રામભક્તના એક લેખની ખબર પત્રિકામાં લેવાઇ હતી, એનો જવાબ આપવાનું એ ભાઇએ માંડી વાળ્યું અને પોતાના માનીતા મુનિને મહાત્માજી સાથે સરખાવવા અને તેથીએ વધારવાની વાયડાઇ કરી, તે અમૃતભાઇ આજે ફરી ઓચરે છે કે જુન્નરની કોન્ફરન્સે પોતાનું તેરમું સાર્યું છે. આજે ત્રણ મહિને તેનું દફન થાય છે. જુન્નરના જૈનોના જૈનત્વ વિષે અમૃતભાઇને શક છે. આ સોસાયટીના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું અપમાન થયું છે. એના કાર્યકર્તાઓ સત્તાપ્રેમી છે. ધર્મ પ્રેમીઓને બાતલ રાખવામાં આવ્યા છે. આ બધું અમૃતભાઇની જીભનું ઝેર ઠાલવાયું છે. જેણે જૈન મહાસભાની કબરની અને સમાધિની વાત એક વાર કરી હતી; તેણે આજે એના તેરમાની અને દફનક્રિયાની નીચ વાત કરી છે. તેરમું અને દફન કોનું થયું છે ? તેની આગાહી ભાવિ આપશે, એનો જવાબ જુવાનો આપશે, એનું પરિણામ આ સોસાયટીઓનાં પાપો ભોગવશે. પણ એક બી. એ. થએલી જીભમાંથી વેશધારીઓની ગુલામી કેટલું ઝેર ઓકાવે છે તેનો આ નમુનો છે. જુન્નરના જૈનોમાં તો શું પણ થોડાજ સમયમાં આખા હિંદુસ્થાનના જૈનોના જૈનત્વમાં આ અમૃતભાઇ જેવાઓને શંકા આવશે. જુઠાણાં અનીતિ અને અન્યાયમાં જેના જૈનત્વનાં માપ છે, તે મેલી નજરમાં બધાજ અજૈન જણાય તેમાંજ જૈનત્વની શોભા અને નિર્મળતા છે. એ સોસાયટીઓની પ્રતિષ્ઠા કેટલી અને કયાં છે તે વાત જાણીતી છે, એટલે એવાઓનું અપમાન એ કોઇ પણ સાચા માણસની ફરજ બને છે એ અપમાન પ્રતિષ્ઠાનું નહોતું, પણ જંગલીપણાનું હતું. ગુલામોને સત્તાપ્રેમ શું છે ? તે સમજવા માટે અસંખ્ય અવતાર ધરવા પડશે. ત્યાર પછી સોસાયટીઓના સેક્રેટરી જાણીતા બાપાલાલનો ઠરાવનો ટેકો આવે છે. એણે તો જૈન મહાસભાના કાર્યકર્તાઓને શઠતાનો કહીને શરૂઆત કરી છે. શઠતાનીવતની વ્યાખ્યામાં મતભેદ ઉભો થયો જણાય છે. સભ્યતાઇ અને સભ્યતાના વિરોધી આ વર્ગને જે પોતામાં છે તેનો ભાસ બીજામાં થાય છે. કમળાવાળી આંખ અવળું ભાળે તેમાં દોષ કોનો ? આ બાપાલાલ પોતાને ધર્મપ્રેમી હોવાની ગોખેલી વાત કહે છે. એના ધર્મપ્રેમથી તો સમાજ તોબાહ પોકારી ઉઠયો છે, પણ એના પ્રવચન (?) આપણે ભેદી દઇએ, એમાં કાંઇ દલીલજ નથી. એણે એક અજબ શોધ કરી છે તેજ જોઇ લઇએ. બાપા સાહેબ કહે છે કે, 'જુન્નર આવનાર ધર્મપ્રેમી પાંચ હજાર હતા તે હું સાબીત કરવા તૈયાર છું.' પણ 'તૈયાર છું' એમ કહીને સાબીત કરવાની તસદી નથી લીધી. મોટર કંપનીના એજન્ટે અને પાર્ટનરે આ પામર પ્રલાપને પડકાર આપ્યો હતો અને માર્ગ વચ્ચેના હોદ્દારની નોટ તપાસવા ચેલેંજ ફેંકી હતી. આ ચેલેંજ પછી ત્રણસોથી વધારે તોફાનીઓ હોવાનું આજ લગી સાબીત નથી થયું અને નહીં થાય. ત્યાં તો આ કુપપાકીઆ સોસાયટીની સુરિંદે પાંચ હજાર હોવાનો બંગાળો ગબડાવ્યો છે. બિચારા બાપા બારોને ! કાકાની વાત કયાંથી જાણે ?

મી૦ વિઠલદાસ મોહનલાલે જૈન મહાસભાનો બહિષ્કાર કરવાની બુમ મારી છે. એના કારણમાં ધર્મ વિરૂદ્ધ ઠરાવ ન કરવાના તારોના થોકડાની વાત કરી છે, પણ એ તારો તો રામ કલમથી લખાએલા, રામ ફેકટરીથી ટાઇપ થએલા અને એકજ રીતે ચોક્કસ ગોઠવણ પ્રમાણે ચોક્કસ ગામો અને નામોપર ચડાવી રવાને કરવાની પોલ પરથી પડદો કયારનોએ ચીરાઇ ગયો છે તે વિઠલભાઇ જાણતા નથી લાગતા. વિમળભાઇના ખુલાસા, કુંડલાના પત્રો અને એમ જે કાવત્રાખોરી પ્રકટ થઇ છે તે પરથી આ તારોની કાવત્રાંખોરી સમાજ સમજી ચુકયો છે, એટલે વિઠલભાઇએ વેરેલાં વેણો સુરતની ગટરોથી આગળ જઇ નહિં શકે.

આ પછી મી૦ પાનાચંદ રૂપચંદનો પડઘો ઉપડાય છે. યુવક મંડળના સભ્ય હોઇને એ ભાઇ યુવક નામને શરમાવે છે. તેણે પણ મહાસભાનો બહિષ્કાર કરવાની ચીસ પાડી છે. સ્વયંસેવકોએ લાઠી ફેરવવાનું શિક્ષણ લીધું હતું. 'મારો, મારો જીવતા ન જવા દ્યો' એમ સ્વયંસેવકોએ કહ્યું એ જુઠાણું, પાનાચંદની પામરતા પ્રકટ કરે છે. જો આવી બુમો સાચેજ પડતી હોય તો કેનાપર કયે વખતે કયા ભાગપર કેટલી લાઠી પડી હતી તેના પંચકયાસ થયા હોય તો પ્રકટ કરવામાં ઢીલ કેમ થાય છે ? અને આવા જુઠાણાંઓથી મહાસભાનો બહિષ્કાર કરવાની બુમ મારનારાઓનો જૈનોએ આંતરિક બહિષ્કાર કયારનોએ કરી નાંખ્યો છે. તેનો ખ્યાલ સમય આવતાં થઇ રહેશે.

ખંભાતવાળા રતનલાલની ગુલામી પણ એકાએક રડી ઉઠી છે. એને જૈન મહાસભામાં જવાબદારી નથી લાગતી. રતનલાલે માની લીધેલા ધર્મની વિરૂદ્ધ ઠરાવ થવાનો એનો ખ્યાલ છે. ખંભાતમાં રહેવા છતાં વાસદના વરઘોડાની વાત ભુલી જવા જેટલી જેની નબળી યાદગીરી છે તેવા ભાઇઓના બહિષ્કારની કીંમત કેટલી કોડીની છે એનો નિર્ણય સમય કરી આપશે.

નવસારીવાળા નગીનદાસ જીવણજીનું નામ પણ આ ઠરાવના ટેકામાં ચડયું છે તેને તો જૈન મહાસભામાં ધર્મ વિશેજ વહેમ પેઠો છે. ભ્રમિત માણસ જ્યાં જુએ ત્યાં વહેમાય તેમાં દોષ કોનો ? વઢવાણવાળા હરગોવિંદભાઇએ તો મુંગો ટેકો આપી હર હર કરી માંડી વાળ્યું છે એટલે એને જતા કરીએ.

આમ આ સોસાયટીએ જૈન મહાસભા વિષે જે ધમપછાડા કર્યા છે, જે અપશબ્દો ઉચ્ચાર્યાં છે અને જે વાતાગુપ્તિ અને ભાષા સમિતિના વ્યભિચાર સેવ્યા છે તે જોયા પછી બધાને અજૈન કહેનાર તે પોતેજ જૈન છે કે કેમ ? એ સવાલ આજે સમસ્યા રહ્યો છે અને જાણવા જેવી વાત તો એ છે કે આ ચીઠીઆખાનાની ચીચીઆરીઓ સુરતમાં આજે ઉભરાય છે. જૈન મહાસભાનું ડેપ્યુટેશન જ્યારે સુરતમાં આવ્યું, ત્યારે શ્રી. નગીનદાસ હૉલમાં પંદરસો જૈનોની વિરાટ સભા મળી અને એના સમર્થ વક્તાઓએ આ સોસાયટીઓને સભામાં કે ઉતારે આવીને વિચાર વિનિમય કરવા માટે પડકાર આપ્યો છતાં ત્યાં જાણે સોસાયટીનું અસ્તિત્વજ નથી એમ લાગ્યું. કોઇ જામનગરી શેઠની ત્યાં હાજરી છતાં અને ઉશ્કેરણી છતાં એ બાદચાર સભામાં ગોપીપુરાની એ ચકલીઓ ક્યાં સંતાઇ ગઇ હતી કે જે આજે છાપાંઓમાંજ ચીચીઆરી કરે છે. સુરતમાં જૈન મહાસભાની શુભેચ્છક સમિતિ સ્થપાઇ ગઇ છે. કોડીબદ્ધ સભ્યો નોંધાયા છે અને સુરતે સુકૃત ભંડાર ફંડમાં સુંદર ફાળો આપ્યો છે એટલે તેરયું અને દુઃખ કોનું થયું છે, તેનો નિર્ણય વિચારવંત પુરૂષોએ કરવાનો છે. એનો એકવીસમો ઠરાવ અદાલતવાળાઓએ કર્યો છે, એમ કહી કોઇ વેશધારીએ આ સોસાયટીઓને ઉશ્કેરી છે, પણ જેણે પાંચ કે છ કલ્યાણકનાં કરીને ભેગો ગણ્યુ કે એકના આગળ કે પાછળના ચોથ કે પાંચમનાં થોઇ ગણ્યુ કે ચારના ઝઘડાઓજ કર્યાં છે. સિદ્ધગિરિ સરખી પરમ પુનિત સિદ્ધને ભૂમિને જેણે સૃષ્ટિ × × × × કલંકિત કરી છે તેવા વેશધારીઓની વાણી આજે મહાસભાના ઠરાવ ઘડનારને અદાલતવાળા કહે છે.

સમય ચાલ્યો આવે છે અને તે નજદીકજ છે, કે જ્યારે ધર્મપક્ષના નામે ધર્મદ્રોહીઓને નહિં નભાવે, શાસ્ત્રો અને પૂર્વાચાર્યોના ઓઠા નીચે વેશધારીઓને નહિં સત્કારે અને આ બધું નહિં નભે તે આ વર્ગ સમજી ગયો છે અને તેથીજ પોતાની આસપાસ ભોળા ધર્માન્ધ અને ગુલામોની મજબુત વાડ બંધાય છે પણ ક્રાંતિએ એવી કરોડો વાડોને પલકમાં ફના કરી છે. એ ઘડીની નોબત આ વર્ગના કાન ફાડી નાંખે તે રીતે જોર શોરથી વાગે છે. પોપશાહીના મૃત્યુઘંટ આજે વાગે છે અને તેથી ભયમાં, ગભરાટમાં, રક્ષામાં, સ્વાર્થમાં આ પામર વર્ગ આજે ઉન્મત્ત બન્યો છે અને ઉન્મત્તતા વિવેક ભુલાવે છે. **વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ।** આજે આ વિનિપાત સેંકડો મુખ ધરે છે કાલે હજારો અને લાખો રીતે વિનિપાત પામશે અને ત્યારેજ શાસન નિષ્કલંક, નિષ્કંટક અને જ્વલંત બનશે. ક્રાંતિ અમર રહો !

# સુરતમાં મળેલ સોસાયટીઓના સ્વાગત સરનશીન ભાડુતી રેકર્ડ રટે છે.

## કોઇની લખેલી ગાળાગાળી અને ગલીચતાને અપનાવે છે, જૈનત્વ ઝાંખુ પડે છે.

(લખનાર : શ્રી રતિલાલ પ્રભુદાસ મોદી.)

જ્યારે ધર્માન્ધતા વધી પડે છે, જ્યારે સ્થીતી સુરતતાનું અજીર્ણ થાય છે, જ્યારે બની બેઠેલા ધર્મ પોપોના પાખંડો, ધાંધલો, ધર્મ ઢોંગો, શાસ્ત્ર છળો અને પ્રપંચો વધી પડે છે ત્યારે સમાજ, રાષ્ટ્ર અને ધર્મ એ બધીએ સંસ્થાઓ તેથી અકળાય છે અને એ વર્ગને સદંતર ઉખેડી, ઉપાડી, હદ પાર કરવાને જરૂર ધારે છે. રોમન પોપોનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. મહાન્ નેપોલીઅન બોનાપાર્ટ પણ આ તાજ ઉઠાવી ફેંકી દીધો હતો અને વીર કમાલપાશાએ આ ધર્મધુતોને હદપાર કરીને રાષ્ટ્રની ચણતર [illegible] આપણે ત્યાં પણ શાસનરસિક ધર્મપક્ષ વગેરે જામા નીચે ફરતો એક ધર્મધુર્ત વર્ગ જૈન સમાજમાં જન્મ્યો છે એની દોરવણી વેશધારીઓની એક નાની સરખી પોપ ટોળકી કરે છે. મહાન્ તીર્થંકરો, પૂજ્ય પૂર્વાચાર્યો અને સત્કાર્ય શાસ્ત્રોના મનફાવતા ઓઠા નીચે એ ભોળીઆઓને ભમાવે છે. કેટલાક ભેકારોને દીક્ષા ફંડના પૈસે નભાવે છે. કોઇ મવાલીઓને સાલીઆણા આપે છે. કોઇ માનભૂખ્યાને અભિનંદન પત્રો અપાવે છે અને વિશેષણોથી નવાજે છે. આમાં કોઇ ભોળીઆ ધર્મભક્તો ઓછી સમજનાં કારણે ફસાઇ પડે છે અને શુભ પ્રવૃત્તિઓને તોડવાના નિષ્ફળ ધમપછાડા પછી આ વર્ગ હિંદુસ્થાનની (ગુજરાતની) સાતેક સોસાયટીઓનું સંમેલન ભરે છે.

માલ પાણી અને લાડવા માટે થોડા ભોળીઆઓ ભેગા મળે છે અને એને એ કોઇ વિરાટ જૈન સભા તરીકે ઓળખાવવાનાં આંધળીઆ કરે છે અને સમાજની આંખે ઉંધા પાટા બાંધવાની ચેષ્ટા કરે છે. તેના સ્વાગત પ્રમુખ તરીકે એ ટોળકી શ્રી નેમચંદ નાથાલાલ (સુરતવાળા)ને ગોઠવી કાઢે છે, આ ટોળકીએ પાનસરની ધર્મવિરાધક સભાના પ્રમુખસ્થાનેથી પુજ્ય શ્રીક મહાત્માજીને પેટ ભરીને ગાળો અપાવી છે. આજે એમાં જરા પલટો થાય છે. શ્રી નેમચંદભાઇના નામપર જે ભાડુતી (?) ભાષણ ચડાવવામાં આવ્યું કહેવાય છે. એ ભાષણના કેટલાક કેટલાક ફકરાઓ તો જુન્નર જૈન મહાસભાના પ્રમુખના ભાષણમાંથી થોડા ફેરફાર સાથે ઉતારી લીધેલા જેવા જણાય છે. બાકી આખાય ભાષણમાં શરૂઆતથી તે છેવટ લગી યુવાનોને વિચારકોને, સુધારકોને, વિદ્યોત્તેજક મુનિઓને અને જૈન મહાસભાને ગાળોજ આપવામાં આવી છે. શ્રી નેમચંદભાઇ લગભગ વૃધ્ધ માણસ છે છતાં તેણે યુવાનીનો દાવો કર્યો છે. એ ભાષણમાં ભાષા, ભાવના, વિચારો અને શૈલી એ બધી રામની જુનને બંધબેસતી થાય તેવી છે. એટલે પછી તેમાં સભ્યતા કે શિષ્ટતાની આશા નજ હોઇ શકે. સમયધર્મ એ આ ભાષણની નજરમાં ઝેરી ડોઝ સમાન ખુંચ્યો છે. બધા

યુવક સંઘો એને અકળાવે છે, મુંઝાવે છે, ગભરાવે છે, રે! તરફડાવે છે અને મુંબઇ જૈન યુવક સંઘ તો એની નજરમાં ન ઉખડે તેમ ચોંટી ગયો છે. આ સંસ્થા એને મલમપટા કરવા લાયક નથી લાગતી, એનું ચાલે તો તો એને જન્મતાંજ દૂધ પીતી કરી દે, પણ વો દિન કહાંસે! × × × સમય ધર્મની વ્યાખ્યા પોતાની મરજી પ્રમાણે કરે છે અને તેનો રદીયો પોતાની હસ્તે આપે છે. પોતાને ફાવે તેવો પૂર્વ પક્ષ કરે છે અને પછી મરજી મુજબનો ઉત્તર પણ રચી મનમાં મલકાય છે. સમય ધર્મ હિંસા કરી શકે, અસત્ય આચરી શકે, ચોરી અને વ્યભિચાર પણ કરી શકે આ અને આવી બેહૂદી વ્યાખ્યાઓ શ્રી નેમચંદભાઇનાં 'ભાકુતી' ભાષણમાં આપ મેળે કરી લેવામાં આવી છે અને પછી તેનો રદીયો અપાય છે. આ રીત જેવી કંગાળ, નિર્માલ્ય, હીચકારી અને કાયર રીતી દુનીયામાં જાણી નથી. સમય ધર્મ તો બદીઓ સામે, જુઠાણાં સામે, અત્યાચાર સામે અને પાખંડ સામે બેઠો બળવો પોકારે છે, પણ આ ભાકુતી ભાષણે તેનો અનર્થજ કર્યો છે, બધા ક્ષેત્રના જનકરૂપ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને પોષનાર સાદાઇ અને સચ્ચાઇનો ઉપદેશ કરનાર વિદ્યાવૃદ્ધિને ઉત્તેજનાર કેટલાક પવિત્ર મુનિરાજોને એ ભાષણમાં અત્યાચારી વર્ણવ્યા છે. પોતાના સંઘાડાના વેરઝેરો આવા જુઠાણાંથી પોષવાની તક લેવાય છે ત્યારે તો પ્રમાણિકતા લાજે છે, સચ્ચાઇ રીંસાય છે. જૈનોમાં વાણી અને વિચારનું સ્વાતંત્ર્ય હોઇ શકેજ નહિં. એ ગુલામ વિધાન લખી જૈનત્વને જૈનેતર જગતમાં હલકું પાડવામાં આવ્યું છે. મહાન્ પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વગેરે આચાર્યો વિચાર અને વાણી સ્વાતંત્ર્ય જૈનશાસ્ત્ર સંમત હોવાની વાત કરે છે અને કહે છે કે પ્રભુ મહાવીર દેવમાં મને પક્ષપાત નથી, કપિલાદિમાં દ્વેષ નથી, જ્યાં યુક્તિનું, દલીલનું અને સત્યનું બળ છે તે મારે સ્વીકાર્ય છે. ત્યારે નેમચંદ શેઠના નામે ચઢેલું આ 'ભાકુતી' ભાષણ જૈનોની આંખે ગુલામીના પાટા બાંધે છે અને જૈનો પરાધીન ગુલામ છે, વાણી અને વિચારના દાસ છે એમ કહે છે. દીક્ષા સાથે અયોગ્ય શબ્દથી આ ભાષણની ભૂતાવળ ભડકે બળે છે પણ અયોગ્ય દીક્ષિતો અને વેષધારીઓનાં હાથે મંગળા રહેઠમાં ખુન નોંધાયું કહેવાય છે! પરમપવિત્ર સિદ્ધક્ષેત્ર સમી પવિત્ર સિદ્ધભૂમિમાં નાચાર, અનીતિ, રે! સૃષ્ટિ × × કર્મની માગ શ્રી મણી જયજી સરખા મહાત્માએ પુકારી છે. રતનબાઇઓની કારમી ચીસો પડી છે. વાસદના વરઘોડાઓ ચઢ્યા છે અને એમ કેટલાએ હોબાળો ભેળાયાં છે. જતીઓ વેશધારીઓના ગુલામો ગાદીમાં મહાલે છે તે કોણ સાંખશે? પણ એ ગુલામોને ઘડનાર અને એની કિલ્લેબંદી ગોઠવનાર અને શ્રી નેમચંદ શેઠ જેવાને તો સોગઠાં તરીકે વાપરનાર કોઇ ધારી હોય ત્યાં પોકાર કયાં કરવો? પણ એ ગાળાગાળી અને શરમ કથા માત્ર સુધારકોને ભાંડવામાંજ અટકી નથી, પણ અખીલ ભારતના સમસ્ત જૈનોની પ્રતિનિધિરૂપ એના પ્રાણથીએ પ્રીય જૈન મહાસભા સામે શ્રી નેમચંદ શેઠ સરખા બ્રા.શ્રી ગૃહસ્થના નામે જ્યારે ગાળાગાળી કરાવવામાં આવે છે ત્યારે તો આ ટોળકી હવે જૈનત્વને પોતાના ભારથી લચાવી દે છે, એમ કહેજ છુટકો.

શ્રી નેમચંદભાઇના મુખમાં એ ભાષણના લેખક જૈન મહાસભાને ગાળાગાળી કરાવતા શરૂઆતમાં એની પાછળ થએલા લાખોના વ્યય તરફ દાંતીઆં કરે છે. ફજુલ અને ઢોંગી ખર્ચો માટે ટેવાએલા આ કજીઆ કંપની પરિષદના પ્રચાર અને પરિણામના માપ સાથે ઇરાદાપૂર્વક ભભડાટ કરે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના સવાલમાં પરિષદે જે વાતાવરણ જમાવ્યું હતું તે તો ન છુટકે સ્વીકારે છે પણ જુન્નરમાં આ લોકોની દાદાગીરી ચાલવા ન દીધી એટલે એની નજરે પરિષદની પ્રતિષ્ઠા ધુળમાં મળે છે. પણ જેનાં વિચારોમાં ધુળ સિવાય કાંઇ ન હોય ત્યાં બીજું શું મળે, દિગમ્બરો અને સ્થાનિકવાસીઓ આવ્યા છે માટે શાસ્ત્રની વફાદારી નથી લીધી માટે, એ લોકોને પ્રિય નથી એવા માણસોને આમંત્ર્યા છે માટે પરિષદનો બહિષ્કાર થયો કહે છે. અને એ બહિષ્કાર કરનાર જૈન સમાજે અંતરથી તિરસ્કારેલો આ કહેવાતો ધર્મીવર્ગ છે. બહિષ્કારની રોજ ઉઠીને બાંગ પોકારનાર આ તોફાની ટોળકીજ કદાચ રફતે રફતે બહિષ્કૃત થઇ જાય તો આપણે નવાઇ નહિં પામીએ. પેલ પત્રિકાના તંત્રીને આમંત્રણ મળ્યાની વાત અનેક જુઠાણાઓમાંનું એક છે. હોળીના ફાગ ફેંકનાર શાસનપક્ષના અધિકારીઓના રિપોર્ટરને જેમ પાસ મળેલ તેમ મી૦ ગડીઆને પણ રિપોર્ટર તરીકેનોજ પાસ આપવામાં આવ્યો હતો, તે પ્રતિનિધિ ન હતો. તેણે પ્રતિનિધિની ટીકીટ માંગવા છતાં ના પાડવામાં આવી હતી. પણ આ પક્ષને સત્ય સમજવું નથી, સ્વીકારવું નથી. સચ્ચાઇ પાળવી તેમ પણ નથી. એને તો શ્રી મણીલાલજી પાનસર, ઝઘડીઆ અને સુરત વચ્ચે ધમધીંગાણું મચાવવાના છે. અને ધીંગાણામાંજ એની પોપશાહીનો ભાંગી ભુક્કો થવાનો છે. મ્હારી શ્રી નેમચંદભાઇનાં આ 'ભાકુતી' ભાષણને વાંચી જવા દરેક દરેક જૈનને ભલામણ છે એમાં આ કહેવાતા શાસન રસિકો અને એને દોરવનાર બે ત્રણ વેશધારીઓની મલિન મનોદશાનું પ્રતિબિંબ પડે છે, બાકી યુવકપ્રવૃત્તિ કે મહાસભાને દફનાવવાનાં સ્વપ્નાંઓજ રહી જવાનાં. આજે ચાલી રહેલા રાષ્ટ્રીય ધર્મયુદ્ધ માટે એક શબ્દ નથી, તે તરફ સહાનુભૂતિનું સૂચન નથી અને દૂધપાક, અકડીઆ મોતીચુર અને શિરા માટે ગોઠવાએલી આ સોસાયટીઓના કોઇ પણ સભ્યને ચણા, મમરા ખાઇ જેલ અને મોતને ભેટવાની દંભી હાકલ થાય તો એ જવાબમાં નકારજ હોય. એટલે શ્રી નેમચંદભાઇના સુરતમાંજ ધર્મયુદ્ધનાં જે મંગળ દુંદુભી વાગે છે તેનો મંગળ નાદ ધર્મઘેલછાથી મેલા થએલા કાનોમાં નથી અડયો એ પણ સમાજને સમજી લેવાની જરૂર છે. દેશ જ્યારે આઝાદીના જંગ ખેલે છે, એના પનોતા પુત્રો જ્યારે બંદીવાન બને છે, જવાહર સરખા યુવાનોના જવાહીર જ્યારે પકડાય છે રે! ખુદ સુરતમાંજ જ્યારે ધરપકડનો ધોધ વહે છે, ત્યારે આ ભાકુભક્તો સોસાયટીઓ વરઘોડા ચઢાવે છે, ઢોંગ અને ધાંધલ કરે છે અને ટોમ, ડીક અને હેરીઓ મળી માલપાણીથી ઉજાણીઓ કરે છે. દરેક સાચા જૈન આ ગાળી પ્રદાન કાર્યવાહીને નિરખે અને શાસન અને સમાજના ઉદ્ધાર ખાતર તેને સુધારવા કે મીટાવવાનો સંકલ્પ કરે

ઇન્કીલાબ ઝીંદાબાદ.

# હાડકાનો માળો (?)

લેખક: "ઋષભદાસ."

## એકાંકી નાટક: પ્રવેશ ૨ જો.

પાત્રો: વસંતલાલ, યશલક્ષ્મી,
પાછળથી અનંતકુમાર, સુમનબાળા.

સ્થળ: વસંતલાલના ઘરનો એક ઓરડો.

સમય: ……સુદી ૧, સાંજના સાત પછી

### પડદો ઉપડે છે.

(વસંતલાલ સ્થાનિક 'જૈન મહીલા સમાજ'ના વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી આપવાનું ભાષણ લખતા હોય છે, ત્યાં યશલક્ષ્મી હાથમાં એક કાગળ સાથે પ્રવેશ કરે છે, અને ભાષણ લખવામાં મશગુલ બનેલા વસંતલાલને ઉદ્દેશી બોલે છે.)

યશ૦—જુઓ, આ ગરબો કેવો છે?

વસંત૦—(લખવામાંથી ઉંચું જોતાં) કેમ શું છે? હું જરા ખાસ મુદ્દા પર લખી રહ્યો છું. હમણા અડચણ ન કરે તો સારૂં! (એમ કહી લખવા માંડે છે. યશલક્ષ્મીનો સ્વભાવ આ વર્તણુંકને તાબે થવા તૈયાર ન હતો.)

યશ૦—પણ આ મુદ્દો જરા વધારે મહત્વનો છે.

(એમ કહી ખુરશી પાસે ઉભેલી યશલક્ષ્મી કાગળ ટેબલ પર મુકે છે.)

વસંત૦—(જરા નારાજ થતાં) અહહહ!! આટલી બધી ઉતાવળ?

યશ૦—(સહજ તોફાનમાં) અહહહ!! નારી પ્રતિષ્ઠાના હીમાયતીમાં આટલી બધી અસહન શીલતા?!

વસંત૦—પરંતુ—

યશ૦—ત્હારે એ 'પરંતુ'નું કામ નથી. માત્ર આ ગરબો વાંચો, અને અભિપ્રાય આપો.

(આમ દંપતિ રકઝક કરતાં હોય છે, એટલામાં અનંત હૃદયના આવેગોને દબાવી સ્વસ્થ બની દાખલ થાય છે)

અનંત૦—(દંપતીને ઉદ્દેશીને) કેમ સાક્ષર દંપતિ? કલ્પના કયા પ્રદેશ તરફ પ્રયાણ થઇ રહ્યું છે!

(દંપતી ચમકે છે, વસંત જરા ગંભીર બને છે. તોફાની અને હાજર જવાબી યશલક્ષ્મી આવકાર આપતાં બોલે છે)

યશ૦—આવો; કેમ અનંતકુમાર, ત્હમે કંઇ અત્યારે?!

અનંત—(સહેજ અટકીને) વ્યોમવિહારીને પૃથ્વીવિહારી બનાવવા!

વસંત૦—(જરા હસતાં આતુરતાથી) એટલે?

અનંત૦—(જરા ગંભીર બની.) નૈનીતાલના સૌન્દર્ય દર્શનનાં સ્વપ્ન જોનારને સામાજીક જીવનના મુદ્દનું આમંત્રણ આપવા.

યશ૦—(શંકાથી) અનુ ભાઇ, ત્હમારા શબ્દોમાં કંઇ અમંગળની આગાહી થાય છે!

વસંત—કુમાર, શું છે? જરા સ્પષ્ટ કરોને.

(આમ વાત ચાલે છે, ત્યાં સુમનબાળા દાખલ થાય છે, એટલે વધારે શંકા જતાં)

યશ૦—(મ્હોંપર હસવું લાવી) લ્યો, ન્હાની બ્હેન પણ પાછળજ છેને? આજે છે શું કે સમજાતું નથી?!

(અનંત ખુલાસો કરવા જાય છે, ત્યાં સુમનબાળા પોતાની પાસેનો પત્ર યશલક્ષ્મીના હાથમાં મુકે છે. યશલક્ષ્મી વાંચી વસંતલાલને આપે છે. વસંત પત્ર વાંચે છે, ઘડીભર નિરવ શાન્તિ પથરાય છે. થોડીવારે વસંત શાન્તિને તોડે છે:)

વસંત—અનુભાઇ, આ વસ્તુસ્થિતિનો વિચાર કરી આપણે માર્ગ શોધીશું. પણ પહેલાં શું બન્યું તે જણાવો.

(અનંત હજુ વિચારમાંજ છે, ત્યાં સુમનબાળા બનેલી હકીકત કહી સંભળાવે છે? અનંતના અચાનક આગમનનું કારણ વસંત અને યશને સમજાય છે)

વસંત—(શાન્ત જુસ્સાથી નિશ્ચયપૂર્વક) કંઇ નહી, જે બન્યું તે ખરૂં. ત્હમે ઘર છોડ્યું પણ ગામ છોડીને જવાથી આ વાત નહી અટકે. તેને માટે તો અહીંઆં રહીનેજ પ્રચાર કાર્ય કરવું પડશે, અને એ જોહુકમીને હવે તો દફનાવવીજ પડશે અને વડીલોને હુકમશાહી ચલાવવાનું ભુલાવવું પડશે.

અનંત—(સંમત થતાં) મને પણ એ સ્પષ્ટ સમજાય છે, અને મેં તો છેલ્લે સુધી ઝુઝવાનો નિશ્ચયજ કર્યો છે, પણ આપણે કયે માર્ગે કામ લેવું તે વિચારી લેવાની જરૂર છે.

(અત્યાર સુધી મૌન રહેલી યશ ટહુકે છે)

યશ૦—રીતસર કોર્ટમાં પગલાં લેવાનાં, બીજું શું?

વસંત—યશ, આ વાત તું ધારે છે, તેટલી સ્હેલી નથી હો!

સુમન—ભાઇ, સ્હેલી હોય કે અઘરી હોય, પણ જો યુવાનોજ આનો નિર્ણય નહી કરે તો કરશે કોણ?

વસંત—જરૂર, આ મામલામાં યુવાનો જરા પણ પ્રમાદ સેવે તો યૌવન લાજેજ, પણ મને લાગે છે કે સીધા કોર્ટમાં જવા કરતાં આ બાબતનો નિર્ણય આપણે સામાજીક રીતે કરી શકીએ તોજ વધારે સારૂં છે.

અનંત—કબુલ, પણ ઉમેદવાર આપણા હાથમાં ન હોય ત્યાં આપણું જોર શું? અહીં નહીં તો બીજે લઇ જઇને કયાં કામ નથી થતું! એટલે પ્રથમ તો મોહન અહીંઆં છે, તેની તેના પિતાને ખબર આપવી અને તેઓને અહીંઆં બોલાવી, મોહનના પીતા અને મોહનની પત્નીના નામેથી, મોહનને કબજે સોંપવાની સંઘને અરજી કરાવવી, અને મોહનને સોંપી દેવા માટે મારા પિતાજી ઉપર સંઘ મારફતે દબાણ લાવવું. જો તેના વાલીને સોંપવાની ના પાડે તો કોઈ તટસ્થને સોંપવાનું કહેવું. તેમ છતાં જો નજ માને તો છેલ્લે કોર્ટ મારફતે કબજો મેળવવાનો પ્રયત્ન કરવાની પહેલી જરૂર છે; અને આ દરમીઆન મોહનને બીજે સ્થળે સંતાડવામાં ન આવે તે બાબત પૂરતી તપાસ રાખવાનો બંદોબસ્ત પણ કરી લેવો.

વસંત—એ માર્ગ પણ બરોબર છે તેમજ અયોગ્ય દીક્ષા અટકાવવા અને સંઘની રજા વગર ખાનગીમાં દીક્ષા ન અપાય તે બાબત ઘટતાં પગલાં લેવાં? નગરશેઠને આપણા **સેવાસમાજ** તરફથી એક વિનંતીપત્ર જૈનોની સહીઓ લઇ મોકલવો.

યશ૦—અને હું પણ 'મહીલા સમાજ' તરફથી એક પત્ર લખાવીશ.

સુમન—તો પછી વિચારો કરવાના ઉંચા મુકી કાર્યની શરૂઆત કરો.

અનંત—વસંતલાલ, વાત સાચી છે. કારણ કે ધડાકો થઇ ગયા પછી હવે બધું કાર્ય ત્વરાથીજ થવું જોઇએ.

વસંત—તો ચાલો, આજે **સેવાસમાજની** કાર્યવાહક સમિતિની મીટીંગ છે, ત્યાં જઇ આ વાત મુકીએ અને યોગ્ય વ્યવસ્થા પણ કરી નાખીએ!

(વસંત ઉઠી કપડાં પહેરી લે છે, અનંત અને વસંત બન્ને બ્હાર જાય છે.

......ભાભી અને નંદુંદ-યશ અને સુમન-એકલાં પડે છે. વિચારગ્રસ્ત સુમનને ઉત્સાહમાં લાવવા યશ પ્રયત્ન કરે છે.)

યશ૦—ન્હાની બ્હેન, તમારાજેવા શાણા માણસને પણ એકદમ બળવાખોર બની જતાં વિચાર ન થયો ? !

સુમન—ભાભી, આમાં બળવો ક્યાં છે ? આ તો એક ને એક બે જેવી સ્પષ્ટ વાત છે. સામાજીક જીવનને છિન્ન ભિન્ન બનાવવાના પ્રયત્નો થાય ત્યારે, આપણી સ્હામે આપણનેજ સાધન બનાવી ધર્મને નામે બીજાના હક્ક છડે-ચોક લુંટાય, તે વખતે એમ રહેવું એમાં તે કંઇ માનવતા છે ? મોહનને પરણ્યાને હજુ છ મહીના નથી થયા ત્યાં તેને વૈરાગ્ય આવ્યો ! ? ?

યશ૦—આવેજ ને ? કેમ ન આવે ? ! કારણ કે મોહનનું કુટુંબ ગરીબ છે. સુમન બ્હેન ! કોઇ અનુભવી ચોદ્ધાને પુછશો તો તરતજ જવાબ આપશે કે : "—એ તો એનાં પુણ્યકર્મ ઉદયે આવ્યાં !" પોતાના માટે 'સલામતી શોધનારા' એ અયોગ્ય દીક્ષાના પોષકોનો કેવો સુંદર અને શાસ્ત્રીય બચાવ છે ! વાંધો માત્ર એટલોજ છે કે, કોઇ શ્રીમંતનાં કે તેમના સંતાનોનાં "પુણ્યકર્મનો ઉદય" થતોજ નથી ? !

સુમન—પણ શાસ્ત્રીય બચાવનો શાસ્ત્રીય જવાબ પણ છેજ. જો ગરીબનાંજ પુણ્યકર્મ ઉદયે આવતાં હોય તો તેઓ પણ પોતાની સંપત્તિનાં 'વરસીદાન' દઇ ગરીબ બની શકે છે.

યશ૦—પણ તો તો પછી 'પારકાં છોકરાંને જતી બનાવવાની' કહેવત ખોટીજ પડેને ?

સુમન—પણ યશ ભાભી ! મોહનના 'પુણ્યકર્મનો ઉદય થતાં' બીચારી તેની પત્નિના જીવનમાં 'પાપકર્મોનો ઉદય થાય' તેનું શું ?

યશ૦—ઓહો ! એમાં શું ? એણે તો આમ થાય તેમાં આનંદ માનવાનો અને ધર્મ ધ્યાન કરવાનું, કદાચ આર્થિક, સાંસારિક, કે નૈતિક વિપત્તિ આવે તો તેણે "પાપકર્મો ઉદયે આવ્યાં" માની સંતોષ માનવાનો અને તેના સગાં સ્નેહીજન "છોકરીનાં નસીબ" ! ! ! એમ કહી આશ્વાસન લેશે ! બ્હેન ! આ બધુ આમજ ચાલે છે !

સુમન—પણ આ સ્થિતિને માટે જવાબદાર પણ આપણેજ છીએને ? ! જો સમાજ જાગ્રત હોય તો કોની તાકાત છે કે, આપણી સામાજીક વ્યવસ્થામાં સમાજની વિરૂદ્ધ જઇ માથું મારી શકે ?

યશ૦—બ્હેન, વાત સાવ સાચી છે. પણ આજ જ્યાં "આપણે શું" ? કહી વાત ભુલવા પ્રયત્ન કરતો હોય. અને સમાજના સુત્રધારોજ જ્યાં કુહાડીમાં હાથો બનતા હોય ત્યાં શું થાય ?

સુમન—થાય શું ? સમાજને વસ્તુ સ્થિતિનું ભાન કરાવી, જાગ્રત અને સાવધાન બનાવી એ સુત્રધારોની સ્હામે પણ બળવો પોકારવાનો !

(યશ ઘડીભર વિચારમાં પડે છે......સુમન યશના મ્હોં સામે તાકી રહે છે......ઘડીભર શાન્તિ પથરાય છે...અને થોડીવારે......)

યશ૦—(નિશ્વાસપૂર્વક) સાચેજ, હવે તો સામાજીક જીવનમાં પણ બળવોજ અનિવાર્ય છે ! !

(આ શબ્દો વાતાવરણમાં વિલિન થાય છે...અને—)

પડદો પડે છે.

## દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

સત્યાગ્રહીઓ.

| | | |
|---|---|---|
| શ્રી. મણીલાલ કોઠારી | ૧ | જેલમાં. |
| ,, ફુલચંદ કસ્તુરચંદ શાહ | ૨ | ,, |
| ,, રમણીકલાલ મગનલાલ મોદી | ૩ | |
| ,, નટવરલાલ દલસુખભાઈ | ૪ | |
| ,, પુનમચંદ મોતીચંદ | ૫ | |
| ,, દલપતભાઇ ભુખણદાસ | ૬ | |
| ,, રતીલાલ લહેરચંદ | ૭ | |
| ,, કેશવલાલ ધુળચંદ | ૮ | |
| ,, જીવનલાલ હીરાચંદ | ૯ | |
| ,, મંગળદાસ નથુભાઇ | ૧૦ | |
| ,, ચંપકલાલ નાથાલાલ | ૧૧ | |
| ,, મણીલાલ જયમલ | ૧૨ | |
| ,, રતીલાલ નાગરદાસ | ૧૩ | |
| ,, મનસુખલાલ જીવણલાલ | ૧૪ | |
| ,, વીરચંદ પાનાચંદ | ૧૫ | |
| ,, ગુલાબચંદ જવેરચંદ | ૧૬ | |
| ,, સજ્જનમલ એમ. ચોકસી | ૧૭ | |
| ,, ચીમનલાલ ભાઇચંદ | ૧૮ | |
| ,, મણીલાલ જેઠાલાલ | ૧૯ | |
| ,, વલ્લભદાસ રૂગનાથ | ૨૦ | |
| શ્રી. રતીલાલ ગુલાબચંદ | ૨૧ | |
| ,, કીર્તિલાલ હીરાલાલ | ૨૨ | |
| ,, રતીલાલ લક્ષ્મીચંદ | ૨૩ | |
| ,, ભીખાલાલ વાડીલાલ | ૨૪ | |
| ,, મોહનલાલ ઓઘડદાસ | ૨૫ | |
| ,, કાન્તીલાલ વલમજી | ૨૬ | |
| ,, ચીમનલાલ લલ્લુભાઇ | ૨૭ | |
| ,, સુરજમલ ચુનીલાલ મણીયાર | ૨૮ | |
| ,, શાન્તીલાલ ખુશાલચંદ | ૨૯ | |
| ,, મણીલાલ વલમજી | ૩૦ | |
| ,, ભગવાનદાસ ફુલચંદ | ૩૧ | |
| ,, રમણલાલ મંગળચંદ | ૩૨ | |
| ,, નેમચંદ પુનમચંદ | ૩૩ | |
| ,, ભગવાનદાસ મોતીલાલ | ૩૪ | |
| ,, અમૃતલાલ હુકમચંદ | ૩૫ | |
| ,, ધીરજલાલ મણીલાલ | ૩૬ | |
| ,, શાન્તીલાલ બાપુલાલ | ૩૭ | |
| ,, બાપુલાલ લલ્લુભાઇ ઝવેરી | ૩૮ | |
| ,, પોપટલાલ ઝુમચંદ | ૩૯ | |
| ,, કંચનલાલ રાયચંદ પટેલ | ૪૦ | જેલમાં |

વધુ નામો આવતા અંકમાં.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાનોનો આત્મભોગ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૮ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર વદી ૦)). તા૦ ૨૮-૪-૩૦ | છુટક નકલ : ૦॥ આનો.

## મૂષક વિલાસ.

આજે ઉંદરડા ઘરમાં જ્યાં ત્યાં કેમ દોડાદોડ કરી રહ્યા છે? અને તોફાન મસ્તી આદરી છે? પેલો મૂષકરાજ પાટ ઉપર બેસી શું રોફ મારી રહેલ છે અને બીજા ઉંદરો આસપાસ શી ધમાલ આદરી રહેલ છે? આજે તેઓ આટલા નિશ્ચિન્ત અને નિર્ભય કેમ દેખાય છે? કારણ કે આજે બીલાડી બહાર ગઇ છે અને બીજા કોઇ મોટા પરાક્રમમાં રોકાઇ ગઇ છે, તેની આ ઉંદર પ્રજાને ખબર છે.

આ પ્રમાણે જ્યારે દેશમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો મહાન યજ્ઞ આરંભાયો છે અને સંખ્યાબંધ યુવાનો તે યજ્ઞમાં પોતાનું બલિદાન આપી રહેલ છે, ત્યારે સુરત અને મુંબઇમાં ચોથો આરો પ્રવર્તાવવાનો પ્રયત્ન ચાલે છે. જ્યારે જૈન યુવક સંઘના આગેવાનો એક યા બીજી રીતે આ મહાન લડતમાં પોતાથી બનતો ફાળો આપી રહ્યા છે ત્યારે યંગમેન્સ જૈન સોસાયટી અને દેશ વિરતિ ધર્મારાધક સમાજને સુરતમાં મોટાં સમેલનો અને જમણવારો કરવાનું સુઝે છે, જ્યારે તેમને ખાત્રિ છે કે સ્વાતંત્ર્ય યુદ્ધમાં પડેલા જૈન યુવકોને વિરોધ કરવાની જરા પણ ફુરસદ નથી, ત્યારે મુંબઇમાં પંદર વર્ષના છોકરાને દીક્ષા આપવાની મુનિ રામવિજયજીમાં હીંમત આવે છે; સુરતમાં તપગચ્છ ગગનાંગણ દિવાકર સુરિસમ્રાટ્ સાગરાનંદજીની પધરામણી થાય છે; ધર્મોદ્ધારકો એકત્ર મળીને યુવક સંઘોની ધરાઇ ધરાઇને નિન્દા કરે છે અને તિરસ્કારથી ખીચોખીચ ભરેલા ઠરાવો પસાર કરે છે સાગરાનંદજીના પરમ શ્રાવક વિજયસિંહજી દુધેડિયા પ્રમુખસ્થાન શોભાવે છે. અમીચંદ અને જગત્ શેઠનો વારસો શોભાવનાર ધર્મારાધકોને આજ શોભે. તેમને દેશ સ્વતંત્ર થાય કે પરતંત્ર રહે, તેની શી પડી છે? તેમને સ્વાર્થ અને સંપ્રદાયની રક્ષા સિવાય અન્ય કશાની જરા પણ ચિન્તા છેજ નહિ. આજે જ્યારે દેશમાં મોટી જ્વાળા સળગી ઉઠી છે, ત્યારે તેમને પુજા ઉત્સવ અને મિષ્ટાન્ન ભોજન ભાવે છે આજે ખુબ મિષ્ટાન્ન જમી લ્યો. સુધારકોને ધરાઇ ધરાઇને ગાળો દઇ લ્યો, તમારૂં વિચારબળ જમાવવા ફાવે તેવી યોજનાઓ ઘડો અને તેનો અમલ કરો. યંગમેન્સ જૈન સોસાયટીમાં ખુબ પૈસા ભરો અને ભાડુતી લેખકો પાસે લખાવાય તેટલું લખાવો. આજે તમને પુરી છુટ છે—આજે તમારો કોઇ વિરોધ કરનાર નથી. અમે આજે રાજકીય યુદ્ધમાં પડયા છીએ અને અમારા દેશને સ્વતંત્ર બનાવવાની અમને ખુબ તાલાવેલી લાગી છે. આજે તમે ખુબ મહાલી લ્યો અમારૂં કામ પુરૂં કરીને પાછા આવીશું ત્યારે અમે તમારી છ છ મહીનાની મહેનત ઘડિકમાં ધુળમાં મેળવી શકીશું એની અમને પુરી ખાત્રી છે. અમે તમારી સાથે લડવા માટે વધારે યોગ્યતા પ્રાપ્ત કરીને આવીશું. સ્થિતિ ચુસ્તતા, ધર્માન્ધતા, જડતાના કિલ્લાઓ તોડવા માટે અમે ખુબ બળ મેળવીશું. અમને ખબર છે કે તમે આજે ઉન્મત્ત છો કારણકે અમે અન્યત્ર રોકાયલા છીએ, પણ અત્યારના દેશકાળની સામેની કોઇપણ પ્રવૃત્તિ આ પ્રગતિ પરાયણ દેશમાં લાંબો વખત હવે ચાલી શકવાની નથી, એ ચોક્કસ સમજી લેજો.

—— પરમાનંદ.

## દીક્ષાની સંતાકુકડી.

હું નીચે સહી કરનાર શા. અમૃતલાલ મગનલાલ, રહેવાસી વઢવાણ શહેરનાં, હાલ અમદાવાદ, રતનપોળમાં, બાજરાંપોળનાં રહીશ, આથી સર્વે જૈન ભાઇઓની જાણ માટે નીચેની હકીકત રજુ કરૂં છું કે :—

મારો પુત્ર નામે પ્રાણલાલ ઉમ્મર વર્ષ ૧૬ નઃ તે તા૦ ૨૦-૪-૩૦ નાં રોજ અમદાવાદથી કેટલાક માણસોની ભંભેરણીથી અને તેઓની મદદથી દીક્ષા આપવા માટે નસાડવામાં આવેલો હતો. આ સંબંધી અમોને સાગરાનંદજી મહારાજ ઉપર વહેમ જતાં અમોએ સુરત તપાસ કરાવી અને ત્યાંથી અમોને ચોક્કસ ખબર મળવાથી અમો અમારા સગાંવહાલાં તથા તે છોકરાની બી કે જેની ઉમ્મર ફક્ત ૧૩ વર્ષની છે તેને સાથે લઇને અમો સુરત ગએલાં અને અમોએ સુરતમાં ગોપીપુરાનાં શેઠ નેમુભાઇની વાડીનાં ઉપાશ્રયે—જેની અંદર સાગરાનંદજી મહારાજનો મુકામ છે, તેમનાં વ્યાખ્યાનમાં તપાસ કરતાં તે છોકરાને અમે દીઠો અને તેનો કબજો મેળવવાને માટે અમોએ ઘણી આજીજી સાથે વિનંતી કરી પણ તેનો કબજો અમોને નહી મળવાથી શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘના સભ્યોને ત્યાં જઇ અમારા કામમાં મદદની માગણી કરી, તેમાં તે ભાઇઓએ મને ઘણીજ મદદ આપી અને મારા છોકરાનો કબજો મેળવી આપતાં તેમની મદદથી હું સુરતથી અમદાવાદ છોકરાને લઇને નિર્વિઘ્ને આવી પહોંચ્યો છું. અમારા સુરતનાં વસવાટમાં ત્યાંના કેટલાંક ગોપીપુરાનાં સાગરજીનાં ભક્તોએ છોકરાને અમોને સોંપવામાં ઘણીજ મુશ્કેલીઓ ઉભી કરી પણ અમો શેઠ નવલચંદ ખીમચંદ તથા યુવક સંઘની પુર્ણ મદદથી અમારા કુટુંબ સાથે સુરત છોડી અમદાવાદ સહીસલામત આવી પહોંચ્યા છીએ, વળી આથી સર્વ જૈન ભાઇઓને વિનંતી કરૂં છું કે સાગરાનંદજીનો મુકામ સુરત અગર જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં સર્વેએ ચેતતા રહેવું કે જેથી કરીને મારા જેવાની અને આવી અબળા બાળાઓની કફોડી સ્થિતિ થતી અટકે. વળી મને જે જે ભાઇઓએ મદદ કરી છે તેઓનો આભાર માનું છું.

એજ તા૦ ૨૪-૪-૩૦. લી૦

શા. અમૃતલાલ મગનલાલ સહી દા. પોતે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# યુવાનોનો આત્મભોગ.

ભારતવર્ષના આ અપૂર્વ સંગ્રામમાં, જૈન યુવાનોની જે નામાવળિ પ્રગટ થઇ છે એ હરકોઇ જૈનને આનંદ ઉપજાવે તેવી છે. જૈન યુવાનોએ આવો જવલંત રાષ્ટ્રપ્રેમ દાખવી સાચેજ જૈન સમાજનું મુખ ઉજ્વળ બનાવ્યું છે. શ્રી વીરના સંતાનને છાજે તેવું કાર્ય આચરણમાં ઉતારી જૈનો સામે, દયાધર્મના હિમાયતીઓ સામે, જૈન સાહિત્યના ઉંડાણમાં નહિ ઉતરેલાઓ તરફથી કરવામાં આવતી ટીકાઓ કેવી નિર્મૂળ અને ભ્રમમૂળક છે તેનો જનતાને ભાસ કરાવી આપ્યો છે. એ પણ પુરવાર કરી આપ્યું છે કે જૈન સમાજમાં 'અભીચ દો'ની સંખ્યા તો આંગળીના ટેરવે ગણાય તેટલીજ છે!

ભૂતકાલિન ઇતિહાસ પણ એજ વાત ડગલે ને પગલે દર્શાવી આપે છે. શ્રી. મહાવીર દેવના પરમભક્ત શ્રેણિકરાજે સંખ્યાબંધ યુધ્ધોમાં વીરતા દેખાડી છે. અભયકુમાર જેવા ચુસ્ત જૈને રાજધર્મ બતાવવામાં રંચમાત્ર પાછી પાની નથી કરી, અને વૈશાલીપતિ ચેટકરાજનું ઉદાહરણ તો આશ્ચર્યમગ્ન બનાવી દે છે.

એ રાજવી એટલે બાર વ્રતનો ધરનાર પરમ શ્રાવક, દેશવિરતિ, ધર્મ પાળનારમાં અગ્રણી; છતાં રાજધર્મ પાલન અર્થે સમરાંગણમાં જતાં વાર ન લગાડે. પ્રજા રક્ષણમાં પાછો ડગ ન ભરે. શૌર્ય પણ એવું બતાવે કે એનું ફેંકેલું બાણ નિષ્ફળ ન જ જાય. અને જેવો નૃપ તેવો સારથિ. દિવસભર એક પ્રખર સરદારને છાજે એવી રીતે રણાંગણમાં વીરતા દાખવી કોણિકના લશ્કરમાં ભગાણ પાડનાર એ રણકેશરી શત્રુના ઘાથી ઘવાયો. ઘા મરણાંત નિવડવાની પ્રતીતિ થતાં, યુદ્ધભૂમિનો ત્યાગ કરી એકાંત સ્થાનનો આશ્રય લઇ આવશ્યક ક્રિયા કરવામાં લીન થયો. દિવસભરના-જીવનભરના-પાપોથી પાછા વળી સાચું પ્રતિક્રમણ કીધું. કહેવાનું તાત્પર્ય એજ છે કે જૈન, જેમ કીડી કુંથવાની દયા પાળી શકે છે, તેમ જનતાના સંરક્ષણ અર્થે કેડે તરવાર કે કરમાં ધનુષ્ય પણ ધારી શકે છે. અરે સમર ભૂમિમાં ફરજ તરફ લક્ષ રાખી વિના સંકોચે ઝુમી પણ શકે છે. જૈનત્વ સાથે વીરતાને ભાઇ બ્હેન જેવો નાતો છે, તેથીજ 'कम्मे सूरा धम्मे सूरा' જેવું વચન જ્ઞાતાઓના મુખપદ્મમાંથી બહાર આવ્યું છે. ઇતિહાસમાં જે નામો ઉલ્લેખાયલા છે, તેઓ શૂરવીરોજ હતા કાપુરૂષો માટે ભાગ્યેજ ઇતિહાસ લખવાનો સમય આવે છે આટલાથીજ જૈન સાહિત્યના શૌર્યનું પ્રકરણ સમાપ્ત નથી થતું. સંખ્યાબંધ રાજા અને અગણિત અમાત્યો દંડનાયકો કે દુર્ગ પાલકોએ જૈનધર્મના ઉપાસક તરીકે રહીને સમય પ્રાપ્ત થયે પ્રશંસનીય બહાદુરી દેખાડી આપી છે. ભામાશા, મંત્રીશ્વર વિમળ, અને આભુ આદિના પરાક્રમો, તેમના ધાર્મિક કાર્યોની જેમ અમરતાને વર્યા છે. એ કાળે હિંસક યુધ્ધો થતાં એટલે એમાં દાખવેલી બહાદુરીવર્ણન ગવાતા. આજે ભારતવર્ષમાં અહિંસક યુધ્ધનો ઉદય થયો છે. સંહારના સ્થાને જાતે દુઃખો સહન કરી સાચું આત્મતેજ દેખાડી આપવાનું છે એ એની વિલક્ષણતા છે. આમાં બાહુબળ કરતાં આત્મબળ વધુ જરૂરનું છે. આમ જ્યાં એક પ્રકારનો અપૂર્વ ઇતિહાસ લખાઇ રહ્યો છે, ત્યાં એ ગૌરવયુકત જૈન સમાજ, તું કેમ પાછળ રહી શકે? જેનો ભૂતકાળ, ઉપર વર્ણવ્યા મુજબ ઝગમગતો હોય તેનો વર્તમાન ઝાંખો નજ પડે. એકાદ ખૂણામાં ધર્મના નામે ગોઠવાયલા સંમેલનોના રીપોર્ટ પરથી એના માપ ન કહાડી શકાય. અલબત, ધર્મના સંમેલનોના નામે મોટી મોટી જાહેરાતો કરી, અરે ખાદી પહેરવામાં પાપ નથી એવા મુનિ નામે ઇન્ટરવ્યુ પ્રગટ કરી, સંમેલનમાં એ સંબંધનો એક ઠરાવ સરખો પણ ન કરવામાં જૈન ધર્મના આ ઇજારદારો ભીંત ભૂલ્યા છે, એમ કહેવામાં જરાપણ અતિશયોકિત નથી. કયાં તો તેમને ખુલ્લું કબુલી લેવું પડે કે, ખાદીનો ઠરાવ લાવતાં કિંવા સત્યાગ્રહીઓને અભિનંદન આપતાં ટાંટીયા ધ્રુજે છે, અગર એમાં રાજ પ્રત્યેની વફાદારીમાં ખામી આવે છે! આવી ડરપોકતા જગતની ચક્ષુ સામે ધરી આ જૈનો અને આવા સંમેલનો શ્રી મહાવીર દેવના શાસનની કેવી શોભા વધારવાના હતા? કેવળ ડરપોકતા કે ગળા સુધી ભરેલી નિર્માલ્યતાના દર્શન કરાવી, આ મહાશયોએ ધર્મના સંમેલનના નામે સારી જૈન સમાજનો એક રીતે દ્રોહ કરી ઇતર સમાજોમાં એને હાસ્ય પાત્ર બનવા જેવું ધૃણાસ્પદ કામ કર્યું છે! રાષ્ટ્ર નાયક પ્રત્યે કે ખાદી જેવી પવિત્ર ચીજ પ્રત્યે લુખી ભક્તિ બતાવવાના યુગો વહી ગયા છે, એ વાત હજુ આ વીસમી સદીના શાસનપ્રેમી મુરબ્બીઓના હૃદયમાં ઉતરી જણાતી નથી. દેખાવ રૂપે ગોઠવેલા 'ઇન્ટરવ્યુ'થી કે લાંબા લાંબા રીપોર્ટોથી દેશસેવા બજાવી શકાતી નથી જનતા એટલી ભોળી નથી કે આવાઓના બણગાથી છેતરાઇ જાય. ઉપરચોટીયા ભકિતનો કસ તે સારી રીતે કહાડી શકે છે.

સુરતના સંમેલનોએ માત્ર કોન્ફરન્સ અને યુવક સંઘ સામે જે કાદવ ઉરાડી અને પોતાની જાતે પોતાના મનફાવતા ગુણગાન કરી અક્કલતાનું પ્રદર્શન કરી બતાવ્યું છે, તેમ દેશમાં પ્રવર્તિ રહેલ અહિંસક સંગ્રામ પરત્વે મૌન સેવી પોતાની નબળાઇનું પોત પ્રકાશ્યું છે. અંતરમાં રમી રહેલી નપુંસકતાનું દિગ્દર્શન કરાવ્યું છે.

સમાજના સાચા નુર સમા યુવાનો, અરે એ વીરના શાસનના પ્રકાશીત તારલાઓ એવા કાપુરૂષોના સંમેલનોની વાતોને અંધારા ખુણામાં ધકેલી દઇ, તમો તમારી લડતમાં મંડયાજ રહો. તમારા ભોગો નિષ્ફળ નથી જવાના. આજે તો તમો આપી રહેલા ભોગના પ્રત્યેક અણુએ અણુનો ઇતિહાસ લખાય છે. એના પર ભાવિ પ્રજાના કીર્તિકળશો ચઢે છે. જૈન સમાજના ઉજ્વળ ઇતિહાસનું અને એના અમાપ ગૌરવનું માન, વિના સ્વાર્થે અપાઇ રહેલા ભોગો અને એ આપનારાઓનેજ ઘટે છે. યુવાનોનો વિજય હો.

---

## કોન્ફરન્સના દીક્ષાના ઠરાવને માન.

શા. ટેકચંદ મગનીરામજી જાહેર કરે છે કે મને ત્યાગવૃત્તિ ઉત્પન્ન થયેલી છે. સમસ્ત હિંદની મહાસભાના દીક્ષા સંબંધી ઠરાવને સંપૂર્ણ માન આપી હું શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર છું, જેની નોંધ આપશો શેઠજી. અમો ટેકચંદ મગનીરામને કોન્ફરન્સના ઠરાવને માન આપવા બદલ અભિનંદન આપીએ છીએ.

# હાડકાનો માળો (?)

લેખક: "ઋષભદાસ."

## એકાંકી નાટક: પ્રવેશ ૩ જો.

પાત્રો: લક્ષ્મીચંદ શેઠ, પાછળથી
નથુશા, કમાશા, વખતશા, ખુબાશા,
પાછળથી હરકોર શેઠાણી.

સ્થળ: શેઠનો બેસવાનો ઓરડો.

સમય: રાત્રિના આઠ વાગ્યા પછી.

### પડદો ઉપડે છે.

(વિચારમાં ડુબેલા શેઠ હંમેશાં બેસવાના ખંડમાં તકીઆને અંઢેલી બેઠેલા નજરે પડે છે.)

લક્ષ્મીચંદ શેઠ–(સ્વગત) આ શું થવા બેઠું છે?! આનું જેવો શાન્ત અને ડાહ્યો છોકરો આટલો ઉદ્ધત?! બહુજ ભોળી ભોળી, નમ્ર, શાણી અને ઘરમાં ચાલતાં જેનાં પગલાંનો અવાજ પણ ન સંભળાય એવી સુમન પણ છેક શરમ છોડી મ્હારી રજા લેવા આવી! (અટકે છે......થોડીવારે) ખરેખર આ અંગ્રેજી કેળવણીના અને વસંતલાલનાજ પ્રતાપ! મ્હને શી ખબર કે છોકરો આમ હાથથી જશે! આ તો સાત પેઢીનું નામ ડુબાડવા બેઠો! 'વા' વાત લઈ જશે અને આબરૂના કાંકરા થશે! ઓ શાસન દેવ! સ્હાય કરો!! સ્હાય કરો!!! (અટકે છે......થોડીવારે) શો પવન વાયો છે? જ્યાંને ત્યાં બસ બંડ! મરણુ પાછળ રડો કુટો તોય બંડ! બારસું–કારજ–કરો તોય બંડ! ન્હાની વયે છોકરાનાં લગ્ન કરીએ તોય બંડ! કોઈ ઘરડો જીવ ઘોડે ચ્હડે તોય બંડ! (અટકે છે......થોડીવારે) અરે! આ બધું તો જાણે સ્હમજ્યા, પણ આવા ધર્મના કામમાં પણ બંડ!! આ તો નાસ્તિકતાની અવધીજને?!......આ કેમ ચલાવી લેવાય? અને એક વખત નરમ મુકું તો હંમેશની પીડા. ના, ના, નરમ તો નજ મુકાય. આનું ક્યાં જવાનો છે? એ તો એની માને કહીશ એટલે સ્હમજાવી લાવશે......બોલ લેવાશે કંઈ નહી હવે તો—

(આમ વિચારમાળા ચાલે છે ત્યાં શેઠના જાહેરજીવન—ઉપાશ્રય, જ્ઞાતિની કે સંઘની સભાઓ ઈ૦—ના સાથીદારો નથુશા, કમાશા, વખતશા, ખુબાશા ઓરડામાં દાખલ થાય છે:)

ચારે જણ–(સંગાથે) જે જે! શેઠ શા વિચારમાં?

લક્ષ્મીચંદ શેઠ–(વિચારમાંથી જાગી સ્વસ્થ થતાં) આવો, આવો! નથુશા, કમાશા, આમ, આમ આવોને વખતશા. અહીં બેસો ખુબાશા.

(એમ આવકાર આપતાં સહુને બેસવાની સુચના કરે છે......બેસતાં બેસતાં નથુશાની જીભ ચાલવા માંડે છે.)

નથુશા–(બહુજ ખાનગી વાત કરતા હોય તેમ આજુ બાજુ જોતાં, શેઠના કાન પાસે મ્હોં રાખી બધા સાંભળે તેમ ધીમેથી)

કેમ બધું બરોબર છેને? હવે ક્યારે નક્કી છે!?

લક્ષ્મચંદશેઠ–(વિચારથી ઘેરાએલા છતાં સ્વસ્થતાથી) નથુશા, આ કામ સહેલાઈથી પાર ઉતરી જાય તો શાસન દેવની કૃપા!

કમાશા–(જરા જુસ્સાથી) શેઠ, એમ ઢીલી ઢીલી વાત શું કરો છો? એતો કૃપાજ છે, અને અમે છીએને?

લક્ષ્મીચંદશેઠ–હાસ્તો, તમે તો છોજ, પણ તમે બહુ હોહાહોળ ન કરો તો સારૂં!

નથુશા–કેમ કંઈ છે? ત્હમારા જેવાને કોનાથી ડરવાનું છે, અને આતો ધર્મનું કાર્ય છે. એમાં કોણુ આડે આવવાનું છે! એતો ત્હમે ભદ્રીક જીવ છો. તે પોતાના કામકાજ વેળ્ળાં મુકી આવા કામમાં માથું મારો છો. બાકી આ જમાનો તો હવે એવો આવ્યો છે કે: ન પુછો વાત!

લક્ષ્મીચંદશેઠ–(નિશ્વાસપૂર્વક) ભાઈ, હું એ જમાનાથી ડરૂં છું!

કમાશા (હીંમત આપતાં) અરે શેઠ! કોની તાકાત છે કે, તમારા પેંગડામાં પગ ઘાલે!! આ પેલા બેચાર નવરા નાસ્તિકો સિવાય કોઈ બોલવાનું નથી. જરા સારો–ઠાઠમાઠથી–વરઘોડો ચ્હડાવીશું; જરા શ્રીફળની પ્રભાવના કરીશું; બહુ થશે તો એકાદી નોકારશીનાં નોતરાં ફેરવીશું કે, આબાદ ગોળીબ્હાર!

લક્ષ્મીચંદશેઠ–(જરા મુખમાં હસીને) કમાશા! ત્હમે પણુ કમાલ કરો છો હો! કંઈ બધી તૈયારી કરીનેજ આવ્યા લાગો છો, અને—

કમાશા–(વચમાંજ–પોતાની હોંશિઆરી જતાવતા) શેઠ મારા કામમાં ખામી હોય! આ જુઓ વખતશા શ્રીફળની પ્રભાવના કરવા તૈયાર છે! વરઘોડામાં જે કંઈ ખરચ થશે તે બાવને હું આપીશ અને...અને નોકારશીનાં નોતરાં લક્ષ્મીચંદ પ્રેમચંદનાં છે, કંઈ બાકી? કહો બોલો?!

લક્ષ્મીચંદશેઠ–(જરા ગંભીર બની) કમાશા, તમે ધારો છો તેમ શ્રીફળની પ્રભાવના કે નોકારસીનાં નોતરાંથી કામ પતી જાય તેવો મામલો હવે નથી. હવેજ ખરી ખબર પડશે?

વખતશા–કેમ શેઠ, આજ ત્હમે ભેદમાં બોલો છો.

ખુબાશા–કહો ના કહો, પણ શેઠ કંઈ ઉંડા વિચારમાં પડી ગયા લાગે છે. માટે કંઈ હોવું તો જોઈએ!

નથુશા–(ખુબાશાને ઉદ્દેશીને) બહુ ઉતાવળા! જે હશે તે, શું શેઠ આપણને કહ્યા વિના રહેવાના છે?

(શેઠ જરા ટટ્ટાર થાય છે, ગળુ ખોંખારે છે અને બોલે છે.)

લક્ષ્મીચંદ શેઠ–ભાઈ, તમારે તો બોલવું છે, અને મારે કરવું છે. પહેલો મારો આનુજ આ દીક્ષાથી વિરૂધ્ધ છે બોલો?

કમાશા–(ચમકીને) હેં......શું કહો છો?

લક્ષ્મીચંદ શેઠ–હા, ભાઈ હા. અને છોકરો ને વહુ બન્ને મારાથી લડીને ઘર છોડી હમણાંજ ચાલ્યાં ગયાં.

વખતશા–(ન માનતા હોય તેમ) શું કહો છો શેઠ?! આટલી હદે વાત?!

નથુશા–શેઠ આતો ગજબ કહેવાય. ત્હમારા જેવા ભદ્રીક અને ચોથા આરાના જીવ જેવા શેઠનો કુળદીપક આવો નાસ્તિક નીકળ્યો?! શેઠ, શો કળીયુગ આવ્યો છે? આ છોકરો તો ઠીક પણ વહુ, પણ ત્હમારી સ્હામે થઈ!?? હોય ભાઈ હોય, એ પણ બ્હેન તો વસંતલાલનીજ ને!

લક્ષ્મીચંદ શેઠ–(નિશ્ચયપૂર્વક) જે થયું તે થયું, પણ હવે હાથમાં લીધેલું કામ પુરૂં કરવાનુંજ, અને આ બધી વાત હમણાં પેટમાં રાખજો. સ્હવારે વાત ચેં પેં તો થશેજ, પણ હમણાં આનુની 'મા' અપાસરેથી આવશે એટલે તેને મોકલી બન્નેને પાછાં બોલાવું છું......અને પછી શું કરવું તેનો વિચાર પણ હું કરીશ, અને તમને કંઈ સુઝે તો તમે પણ વિચાર ગોઠવજો. હવે ત્યારે મ્હારે તો હજુ સામાયિક કરવાનું બાકી છે એટલે—

નથુશા–(બીજા ત્રણુ તરફ જોતાં) હા, હા, બરોબર છે. મોટા માણુસને બિચારાને કંઈ ઓછી ઉપાધિ છે? લો ઠીક ત્યારે ચાલો.

ચારે જણ-(શેઠની રજા લેતાં) હવે શેઠ ત્યારે જે જે !

લક્ષ્મીચંદ શેઠ-હા. આવજો.

(ચારે જણ બ્હાર જાય છે. શેઠ કપડાં બદલી સામાયિક લેવાની તૈયારી કરવા બીજા ખંડમાં જાય છે, ત્યાં હરકોર શેઠાણી પ્રતિક્રમણ પુરૂં થયા બાદ ઉપાશ્રયને ઓટલે રમેલી 'પાર્લામેન્ટ (?)' પુરી થતાં આવે છે......અને ઘરમાં દાખલ થતાંજ.)

હરકોર શેઠાણી-સુમન, ઓ સુમન ! (જવાબ ન મળતાં) આનું, ઓ આનું ! કેમ કોઇ બોલતું નથી, ક્યાં ગયાં હશે બધાં. (શંકા જતાં, બીજા ખંડ તરફ જઇ શેઠને જોતાં તેમને ઉદ્દેશીને) કેમ, શું કરો છો ? ક્યાં ગયાં, આનુ, સુમન... કંઇ બ્હાર ગયાં છે ?

(શેઠ મૌન રહે છે. શેઠાણીને શંકા જાય છે, એટલે પુછે છે.)

કેમ બોલતા નથી ?...બન્ને જણ બ્હાર ગયાં છે ?

શેઠ-(હું કેથી પતાવવા) હા.

શેઠાણી-ક્યાં ગયાં છે ?

શેઠ-આવશે.

શેઠાણી-"હા." "આવશે." એમ કેમ બોલો છો ? ત્હમને ખબર નથી ? કેમ ચોકખો જવાબ નથી આપતા ?

(સામાયિક લેવું કે જવાબ આપવો એ શેઠને મુંઝવે છે. શેઠાણી જરા ઉતારળાં થાય છે;)

કોઇની જોડે બોલવું પડશું લાગે છે !

લક્ષ્મીચંદ શેઠ-(ધીમેથી) બીજા કોની સાથે બોલવાનું હતું. તું બન્નેને લાડ લડાવે, એટલે એ મારી આબરૂનો ફજેતો કરે.

હ૦ શેઠાણી-કોણ આવું બોલ્યો ? શું હતું ? શુ બોલ્યો ? સુમન પણ ત્હમારી સ્હામે બોલી ? એવું બનેજ નહી !!

(શેઠાણીએ ઉપરાઉપરી પ્રશ્ન પુછતાં શંકા બતાવે છે, એટલે—)

લક્ષ્મીચંદ શેઠ-માને છોકરાનો વાંક દેખાય ખરો ?!

હ૦ શેઠાણી-વાંક હોય તો કેમ ન દેખાય ! અને તેમાંય તમારી સામે બોલે તો પણ ? પણ શું બન્યું તે તો કહો.

લક્ષ્મીચંદ શેઠ-બીજું શું બનવાનું હતું ? આ પેલો છોકરો.........થી............મહારાજે મોકલ્યો છે ને......

હ૦ શેઠાણી-(વચમાંજ) હા, તેમને તો આપણી વાડીના બંગલામાં રાખ્યો છે ત્યાં તો આરામની ચોકી છે, તેને કોણ લઇ જવાનું છે—અને જાણે છે પણ કોણ ?

લક્ષ્મીચંદ શેઠ-(શેઠાણીની ઉતાવળ પર હસતાં) બહુ ઉતાવળ ! પણ તને આટલું બધું બોલી નાખવાનું કોણે કહ્યું હતું. હું કહું છું તે તો સાંભળ.

હ૦ શેઠાણી-(ધીમેથી) હા, લ્યો, બોલો.

લક્ષ્મીચંદ શેઠ-(વાત આગળ ચલાવતાં...એ છોકરાને મુકવા આવનાર સાથે આવેલો કાગળ આનુના હાથમાં આવ્યો, તેણે વાંચ્યો. ગામમાં છોકરો ગુમ થવાની વાત તો ઉડતી ઉડતી આવેલીજ છે, અને વસંતલાલ દીક્ષાવિરોધી છે. ત્હેણે ત્હારા છોકરાને ચઢાવ્યો છે ! તે કહે છે કે, બસ દીક્ષા ન અપાવી જોઇએ !

હ૦ શેઠાણી-પણ એને સ્હમજાવવો ને !

લક્ષ્મીચંદશેઠ-શું સ્હમજાવું ? એતો કહે છે કે, હું બંડખોર બનીશ અને દીક્ષા અટકાવીશ. સુમનવહુ પણ પેલા છોકરાની બૈરીના બ્હારે ચઢ્યાં છે !

હ૦ શેઠાણી-તે શું એ છોકરો પરણેલો છે ? ઉમર નાની છે એટલે હમણાંજ પરણ્યો હશે ! અરરે ! બિચારી એની બૈરીની શું દશા ?!

(શેઠાણીના કોમળ હૃદયમાં સ્ત્રી સહજ લાગણીથી દયા ભાવ ઉભરાયો, પણ શેઠને તો 'બાકરૂં કાઢતાં ઉંટ પેઠું' એ ન્યાયે નવી મુંઝવણ ઉભી થઇ, એટલે શેઠાણીના મનપરની અસર દૂર કરવા પ્રયત્ન કરે છે )

લક્ષ્મીચંદશેઠ-અરે ! એને શી ચીન્તા છે. આપણે એ જીવશે ત્યાં સુધી એને પોષીશું. તેના બાપને પણ કંઇ બદલો આપીશું એમ કે હું થોડો કોઇને દુઃખી કરૂં એવો છું !

હ૦ શેઠાણી-(વાત મગજે ન ઉતરતાં) એતો ઠીક, પણ ધણી વગરની બૈરીનો તે કંઇ અવતાર છે ? અને તેમાંય આતો બીચારી હજુ ઉગીને ઉભી થાય છે, એટલે એની તો કેટલી બુરી દશા !!

લક્ષ્મીચંદશેઠ-(વાતને જુદુ રૂપ આપતાં) તને વળી આ બધા વિચાર કરવાના ક્યાંથી સુઝે છે. કોઇ માણસ પોતાનું કલ્યાણ કરતો હોય તેમાં આપણાથી આડે અવાય ?!

હ૦ શેઠાણી-(મુંઝવણમાં) અવાય કે ન અવાય એ કોણ જાણે ! પણ મને તો એજ વિચાર આવે છે કે, આ ઘર ભર્યું પુર્યું છે : આનું છે : સુમન છે; પણ......પણ ત્હમે ન-હો તો મારી કીંમત કેટલી ???!

લક્ષ્મીચંદશેઠ-અરે, ગાંડી ! ધણી મરી જાય તો બૈરી શું કરે છે ?

હ૦ શેઠાણી-એતો મોત કંઇ કોઇને છોડે છે ? એટલે રોઇ કુટીને આશ્વાસન લેવાનું.

લક્ષ્મીચંદશેઠ-તો પછી આતો સારૂં કામ કરવા જાય છે!

હ૦ શેઠાણી-તે કોણ ના પાડે છે. પોતાની મેળે જાગે જાય બીજાનો સ્હમજાવ્યો, ચ્હડાવ્યો, સ્હમજ્યા વગર જાય, તે પણ જોવાનું નહી ! અને તે પણ આમ નસાડી, ભગાડીને; છાનામાના સંતાડીને દીક્ષા આપવાની ! એને જવું હતું તો કોણે એને રોક્યો હતો. પરણ્યા પહેલાં જવું હતું ને ? પારકી છોકરીને કુવે શું કામ ઉતારી ? મને તો નથી સ્હમજાતું કે આમ કેમ થઇ શકે ?!

લક્ષ્મીચંદ શેઠ-(વાતને ફેરવે છે.) એ તો સ્હમજાશે. પણ મેં મોતીને (નોકર) મોકલી તપાસ કરાવી છે. બન્ને જણ વસંતલાલને ઘેર છે. હમણાં તો સાડા નવ વાગ્યા છે, એટલે સ્હવારે સવાર વ્હેલી તું જજે, અને બન્નેને સ્હમજાવી ઘેર લઇ આવજે. પછી જેમ ઠીક લાગશે તેમ વિચાર કરીને પગલું ભરીશું.

હ૦ શેઠાણી-વસંતલાલને ઘેરજ છેને, વાંધો નહિ. સ્હવારે હું તેડી લાવીશ, પણ જુઓ ! હું તમને કહું, બહુ જીદ ન કરતા. મહારાજ તો ચેલાના લોભે બધું કરે, એમને શું ? પણ આપણે કોઇનું ઘર નથી ભાંગવું !

લક્ષ્મીચંદ શેઠ-(બીજા ખંડ તરફ જતાં) ઠીક; ઠીક. સ્હવારે વાત ! (એમ કહી શેઠ મુંઝવાએલી મનોદશામાં સામાયિક કરવા બીજા ખંડમાં જાય છે. શેઠાણી અસ્વસ્થ ચિત્તે નવકારવાળી ફેરવવાની ક્રિયા કરે છે.)

પડદો પડે છે.

આ પત્રિકા મંગાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.